ગુજરાતી સાહિત્ય પરિષદ આયોજિત

ગુજરાતી સાહિત્યકોશ

અધિકરણલેખનનાં નિયમો અને સૂચનો

(ખંડ : ૨ - અર્વાચીન કર્તાઓ અને કૃતિઓ - માટે)

ગુજરાતી સાહિત્ય પરિષદ
ગોવર્ધન ભવન, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પાછળ,
આશ્રમ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

૧૯૮૪

ગુજરાતી સાહિત્ય પરિષદ આયોજિત

ગુજરાતી સાહિત્યકોશ

અધિકરણલેખનનાં નિયમો અને સૂચનો

(ખંડ : ૨ - અર્વાચીન કર્તાઓ અને કૃતિઓ - માટે)

ગુજરાતી સાહિત્ય પરિષદ
ગોવર્ધન ભવન, ટાઈમ્સ ઓફ ઇન્ડિયા પાછળ,
આશ્રમ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

૧૯૮૪

પ્રાસ્તાવિક

'ગુજરાતી સાહિત્યકોશ' ગુજરાતી સાહિત્યના કર્તા-કૃતિ આદિ સર્વ વિષયોની માહિતીને સમાવતા જ્ઞાનકોશ (ઍન્સાયક્લોપીડિયા) રૂપે પ્રકાશિત થશે. મેટ્રિક સાઇઝનાં ૨૦૦૦ ઉપરાંત પૃષ્ઠો તથા ચારેક ગ્રંથોમાં પ્રસિદ્ધ થનાર આ કોશની અધિકરણસામગ્રી આ મુજબના ત્રણ વિભાગોમાં સમાવાશે : (૧) મધ્યકાલીન – ઈ.૧૨મી સદીથી ઈ. ૧૮૫૦ સુધીના ગુજરાતી સાહિત્યના સર્વ જ્ઞાત કર્તાઓ તથા નોંધપાત્ર કૃતિઓ; (૨) અર્વાચીન – ઈ.૧૮૫૦ પછીથી આજ સુધીના – ગુજરાતી સાહિત્યના નોંધપાત્ર સાહિત્યિક ગ્રંથકારો અને મહત્ત્વના સાહિત્યગ્રંથો; (૩) સાહિત્યપ્રકારો, સાહિત્યિક આંદોલનો, સાહિત્યિક સંજ્ઞાઓ અને સિદ્ધાન્તો, સાહિત્યિક પ્રભાવો અને પરિબળો, સાહિત્યિક પ્રવૃત્તિઓ અને સાહિત્યસંસ્થાઓ.

આ પૈકી વિભાગ : ૧ની સામગ્રીને સમાવતા પહેલા ગ્રંથનાં અધિકરણોનું લેખનકાર્ય લગભગ પૂરું થયું છે ને એ અંતિમ સંપાદનને તબક્કે છે. હાલ વિભાગ : ૨ના અધિકરણલેખન માટેની સંદર્ભસામગ્રીનું સૂચીકરણ ઘણા સમયથી ચાલુ છે તથા હાલમાં કોશકાર્યાલયના વિદ્વાનો દ્વારા અધિકરણ-લેખનનું કાર્ય પણ આરંભાયું છે.

અધિકરણલેખન કોશકાર્યાલયમાં થશે એ ઉપરાંત નિમંત્રિત વિદ્વાનો દ્વારા પણ થશે. કોશનાં અધિકરણોનું સ્થૂળ માળખું તો એકસરખું હોય જ; પણ એની વીગતોની પસંદગી, એના પ્રમાણ તથા રજૂઆતની શૈલીમાં જેટલી એકવાક્યતા આવે એટલું કોશનું રૂપ સંવાદી ને સૌષ્ઠવયુક્ત બને. એ દૃષ્ટિએ, કોશના પ્રયોજનને અનુવર્તીને, સલાહકારસમિતિના માર્ગદર્શન નીચે કેટલાંક નમૂનાનાં અધિકરણો કોશકાર્યાલય તરફથી તૈયાર થયાં છે અને માર્ગદર્શક સૂચનાઓ ઘડવામાં આવી છે તે આ સાથે છે. અધિકરણલેખકો જેટલી ચોકસાઈથી અને કાળજીથી એને અનુસરશે તેટલી સંપાદનકાર્યની સરળતા થશે ને કોશનું એક સુઘડ રૂપ સિદ્ધ કરવામાં મદદ થશે.

નિમંત્રિત અધિકરણલેખકો માટેની શરતો પણ આ સાથે સામેલ છે.

નિમંત્રિત અધિકરણલેખકો માટેની શરતો

૧. નિમંત્રિત અધિકરણલેખકોને અધિકરણના સ્વીકૃત સ્વરૂપની શબ્દસંખ્યા પર ૧૦૦૦ શબ્દોના રૂ.૮૦ લેખે પુરસ્કાર આપવામાં આવશે.

૨. પ્રત્યેક અધિકરણની નીચે અધિકરણલેખકના નામના આદ્યાક્ષરો મૂકવામાં આવશે. ગ્રંથારંભે આદ્યાક્ષરો સાથે અધિકરણલેખકોનાં નામ-પરિચય આપવામાં આવશે.

૩. સ્વીકૃત અધિકરણો અંગેના સર્વાધિકાર ગુજરાતી સાહિત્ય પરિષદના રહેશે.

૪. અધિકરણલેખકોએ અધિકરણના નિયત સ્વરૂપનું અને માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. કોશની એકરૂપતા માટે જરૂરી સામાન્ય સુધારાવધારા કરવાનો સંપાદકોનો અધિકાર રહેશે, પણ મહત્ત્વના સુધારા માટે લેખકની સંમતિ તેઓ મેળવશે. જરૂર લાગે તો અધિકરણ પુનર્લેખન માટે લેખકને પાછું મોકલી શકાશે અને મહદંશે અસંતોષકારક લાગે તેવાં અધિકરણોનો અસ્વીકાર કરવાનો મુખ્ય સંપાદકનો અધિકાર રહેશે.

૫. અધિકરણની નિયત શબ્દસંખ્યામાં ૧૦ ટકા વધઘટ સ્વીકારી શકાશે. એથી વધારે વધઘટનો સંભવ હોય ત્યારે મુખ્ય સંપાદકની પૂર્વમંજૂરી જરૂરી રહેશે. નિયત શબ્દસંખ્યા જળવાય નહીં ત્યારે કાટછાંટ કરવાનો અથવા અધિકરણનો અસ્વીકાર કરવાનો મુખ્ય સંપાદકનો અધિકાર રહેશે.

૬. અધિકરણ લખવા માટે અપાયેલી સમયમર્યાદા ન સચવાય તો વૈકલ્પિક વ્યવસ્થા કરવાનો પણ મુખ્ય સંપાદકનો અધિકાર રહેશે.

અધિકરણલેખન માટે માર્ગદર્શક સૂચનો

સામાન્ય સૂચનો

૧. અધિકરણો મોટો હાંસિયો રાખીને કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરોમાં અને શાહીથી લખવાં.

૨. જોડણી ગૂજરાત વિદ્યાપીઠના સાર્થ ગૂજરાતી જોડણીકોશ અનુસાર રાખવી.

૩. અધિકરણમાં ક્યાંય પાદટીપનો ઉપયોગ ન કરવો. અનિવાર્ય લાગે ત્યારે કૌંસનો ઉપયોગ કરી શકાશે.

૪. અધિકરણનું સ્વરૂપ વિશેષે માહિતીલક્ષી રાખવું. સાહિત્યસમીક્ષા જાણીતાં મુખ્ય લક્ષણોના નિર્દેશ પૂરતી મર્યાદિત રાખવી. સામાન્ય રીતે સ્વીકૃત સાહિત્યિક મૂલ્યાંકનને કોશમાં સ્થાન રહેશે.

૫. માહિતીનો ઉપયોગ પ્રમાણભૂતતાની ચકાસણી કરીને કરવો. જ્યાં જુદી-જુદી માહિતી મળતી હોય ત્યાં અને જ્યાં પ્રમાણભૂતતાની ખાતરી ન હોય ત્યાં જે-તે સંદર્ભોનો હવાલો આપીને એ માહિતી રજૂ કરવી.

૬. બહુ જ જરૂરી અભિપ્રાયો કે કાવ્યપંક્તિઓનાં અવતરણો અધિકરણમાં ગૂંથી શકાશે. એ અવતરણો ટૂંકાં હોય તે ઇષ્ટ છે.

૭. માહિતી સઘન રૂપમાં, ક્રમિક રીતે અને તર્કપુરઃસર સ્પષ્ટતાથી અને સચોટતાથી રજૂ થાય તે જોવું.

૮. ભાષાશૈલી સ્વચ્છ, સરળ, પારદર્શક રાખવી.

વિશેષ સૂચનો

સમગ્ર કોશમાં લખાવટની સંવાદિતા રહે તથા અધિકરણની સામગ્રીમાં માહિતીનું સંતુલન જળવાય એ આશયથી એક નિયત પદ્ધતિ અમે નિપજાવી છે અને એ અનુસાર નમૂનાનાં કેટલાંક અધિકરણો આ પુસ્તિકામાં મૂક્યાં છે. પરંતુ, અધિકરણલેખકોને આ પદ્ધતિ વિશે પૂરી સ્પષ્ટતા થાય એ માટે નીચે કેટલાંક વિશેષ સૂચનો આપ્યાં છે. દર્શાવેલા વિભાગો પણ સ્પષ્ટીકરણની સગવડ ખાતર મૂક્યા છે, જેથી અધિકરણલેખનનો એક ક્રમબદ્ધ આલેખ ઊપસી રહે.

કર્તાઅધિકરણ

કર્તાઅધિકરણ માટેની અપેક્ષિત વીગતો આરંભ, કર્તાની ચરિત્રાત્મક માહિતી, કર્તાની સાહિત્યિક કારકિર્દી અને એમના ગ્રંથો તથા સંદર્ભો – એવા વિભાગોથી દર્શાવી છે.

આરંભ

૧. કર્તાઅધિકરણના આરંભે અટકથી શરૂ થતું કર્તાનું પૂરું નામ લખવું.

૨. એ પછી અલ્પવિરામનું ચિહ્ન કરી, કર્તા જે ઉપનામ / ઉપનામોથી વિશેષ જાણીતા હોય તે (– તેટલાં જ –) ઉપનામ / ઉપનામો, પ્રત્યેક એકવડા અવતરણચિહ્નથી અકારાદિક્રમે લખવાં.

૩. પણ જ્યાં કર્તા ઉપનામથી જ વધુ જાણીતા હોય ત્યાં ઉપનામ પહેલું લખવું (અવતરણચિહ્નોમાં) ને એ પછી તિર્યગ્રેખા (ઑબ્લિક) કરી કર્તાનું, પ્રથમ નામથી આરંભાતું, પૂરું નામ લખવું. (ઉ. ત. 'કલાપી'/ સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ)

૪. ત્યારબાદ કોણાકાર કૌંસમાં કર્તાની જન્મતારીખ (જ.) અને કર્તા દિવંગત હોય તો અવસાનતારીખ (અવ.) લખવાં; જન્મ કે અવસાનનું વર્ષ જ મળતું હોય તો માત્ર તે જ દર્શાવવું (જેમ કે, જ.૧૮૯૦ – અવ.. ૧૯૬૧); જન્મ કે અવસાનની વીગતો ન મળતી હોય ત્યારે અપ્રાપ્ત માહિતીને સ્થાને પ્રશ્નાર્થ મૂકવું (જેમ કે જ. ? – અવ. ૧૯૬૧); હયાત લેખકોમાં જન્મતારીખ / વર્ષ લખ્યા પછી તરત કોણાકાર કૌંસ પૂરો કરી દેવો.

૫. એ પછી, ગુરુવિરામ કરી, કર્તાની કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર, નિબંધકાર, ચરિત્રલેખક, આત્મચરિત્રલેખક, પ્રવાસકથાલેખક, વિવેચક, સાહિત્યિક પત્રકાર કે સંપાદક એવી ઓળખ આપવી; કર્તાએ એકથી વધુ સ્વરૂપોમાં કામ કર્યું હોય ત્યાં એની મહત્ત્વની ને મુખ્ય એક-બે સ્વરૂપોમાંની કામગીરીને દર્શાવતી ઓળખ આપી 'વગેરે' એવો નિર્દેશ કરવો.

ઉદા૦ (૧થી ૫ માટે) —

પાઠક, રામનારાયણ વિશ્વનાથ, 'દ્વિરેફ', 'શેષ', 'સ્વૈરવિહારી' [જ. ૮–૪–૧૮૮૭ — અવ. ૨૧–૮–૧૯૫૫]: વાર્તાકાર, વિવેચક, કવિ, વગેરે.

ચરિત્રાત્મક માહિતી

કર્તાની ચરિત્રાત્મક માહિતીમાં –

૧. જન્મસ્થળ, વતન, જ્ઞાતિ અને માતાના નામનો સર્વપ્રથમ નિર્દેશ કરવો.

૨. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણનો ટૂંકમાં જ નિર્દેશ કરવો; સ્નાતક-અનુસ્નાતક ને અન્ય પદવીઓ મેળવ્યાનાં સ્થાન, વર્ષ ને વિષયો લખવાં.

૩. માતાપિતા અંગેની વિશેષ માહિતી સાહિત્યિક દૃષ્ટિએ ઉપયોગી જણાય તો સમાવવી.

૪. પત્નીનું નામ અને લગ્નવર્ષ કોઈ રીતે ઉપયોગી બનતાં હોય તો આપવાં.

૫. કર્તાની વ્યાવસાયિક કારકિર્દી વિશે સામાન્ય માહિતી આપવી.

૬. કર્તાના જીવનઘડતરનાં પરિબળો ને પ્રેરક બળોનો પણ, આવશ્યક જણાય તો, નિર્દેશ કરવો.

૭. કર્તાને મળેલાં બધા પ્રકારનાં ઇનામોનો ઉલ્લેખ બિનજરૂરી ગણવો પણ ભારતીય જ્ઞાનપીઠ તથા રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીના પુરસ્કારો અને રણજિતરામ, નર્મદ ને કુમાર – એ ચંદ્રકોની માહિતી સમાવવી; કર્તાને 'પદ્મશ્રી'નું બહુમાન મળ્યું હોય તો એનો તથા એમણે કોઈ નોંધપાત્ર સાહિત્યસંસ્થામાં મહત્ત્વનો હોદ્દો / પદ ધરાવ્યો હોય (જેમકે ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ) તો એનો ઉલ્લેખ પણ કરવો.

સાહિત્યિક કારકિર્દી અને ગ્રંથો

૧. કર્તાની સાહિત્યિક કારકિર્દીની માહિતી સામાન્યપણે સમયાનુક્રમે આપવી પણ એમની સાહિત્યપ્રકારવાર કામગીરીની વીગતો એકસાથે લેવી જરૂરી લાગતી હોય તો ત્યાં સળંગ સમયાનુક્રમ તોડી સાહિત્યપ્રકારવાર (ગ્રંથોનાં પ્રકાશનવર્ષ આદિનો) સમયાનુક્રમ સ્વીકારવો.

૨. કર્તાના ગ્રંથોનાં નામ એકવડા અવતરણચિહ્નમાં લખવાં; ગ્રંથનામ પછી તરત, સાદા કૌંસમાં પહેલી આવૃત્તિનું પ્રકાશનવર્ષ લખવું; એ પછીની કોઈ આવૃત્તિ નોંધપાત્ર રીતે સંવર્ધિત હોય તો, 'સંવર્ધિત આ૦' એવા સંક્ષેપથી એ વર્ષ પણ દર્શાવવું.

૩. કર્તાના પ્રકાશિત થયેલા સર્વ મૌલિક ગુજરાતી ગ્રંથોની માહિતી કર્તા-અધિકરણમાં આપવી પણ નાની પુસ્તિકાઓ, પાઠ્યપુસ્તકો, સંપાદનો, અન્ય વિષયનાં પુસ્તકો, અનુવાદો, અન્ય ભાષામાં લખેલા ગ્રંથો – એ બધામાંથી મહત્ત્વના પસંદ કરીને એની જ માહિતી / યાદી આપવી.

૪. કર્તાના મૌલિક ગ્રંથોમાંથી કૃતિઓ લઈને કર્તા દ્વારા કે અન્ય દ્વારા તૈયાર કરાયેલાં સંચયો-સંપાદનોની નોંધ, એ કોઈ રીતે વિશેષ મહત્ત્વનાં બનતાં હોય તો જ લેવી.

૫. કર્તાઅધિકરણમાં નોંધેલાં પુસ્તકો પૈકી જે પુસ્તકો અધિકરણલેખકે પોતે જોયાં ન હોય એની આગળ ફૂદડીની નિશાની * કરવી.

૬. કર્તા ને એની કૃતિઓનું વિવેચનાત્મક મૂલ્યાંકન સર્વસ્વીકૃત હોય એ અને ખપપૂરતું જ આપવું; અધિકરણને અંતે લેખકના કાર્યનો સમગ્રદર્શી સાર કે સમગ્રદર્શી મૂલ્યાંકન ન આપવું.

સંદર્ભ

૧. સંદર્ભસામગ્રીમાં સંદર્ભગ્રંથો-સામયિકોનો નિર્દેશ નીચેના વિભાગો મુજબ કરવો : સર્વપ્રથમ કર્તા ને એની કૃતિઓ વિશેના સ્વતંત્ર ગ્રંથો, એ પછી કર્તા કે કૃતિ વિશે વીગતો કે વિવેચન મળતાં હોય એવા ચરિત્રાત્મક કે વિવેચનાત્મક સંગ્રહો (એમાં ઇતિહાસગ્રંથો ને વિવેચન-સંગ્રહો બંનેનો સમાવેશ થશે) અને એ પછી સામયિકોમાંના કર્તા કે કૃતિવિષયક લેખો.

૨. સંદર્ભગ્રંથોનો ક્રમ સળંગ જ રાખવો પણ દરેક વિભાગ પછી, એને અન્ય વિભાગના ગ્રંથોથી જુદો પાડવા પોલા ચોરસનું ચિહ્ન □ મૂકવું.

૩. સંદર્ભગ્રંથનો નિર્દેશ ગ્રંથનું નામ, લેખક કે સંપાદકનું નામ તથા પ્રકાશનવર્ષ એ ક્રમે કરવો. એમાં (ક) ગ્રંથનામ અવતરણચિહ્નમાં લખવું નહીં, (ખ) લેખક કે સંપાદકનું નામ પુસ્તક ઉપર હોય એ મુજબ જ લખવું, (ગ) પ્રકાશનવર્ષ, શક્ય હોય ત્યાં સુધી તો પહેલી આવૃત્તિનું મેળવીને જ લખવું અને એ પછીની કોઈ આવૃત્તિ વિશેષ-પણે સંવર્ધિત કે સંશોધિત હોય તો, 'સંવર્ધિત / સંશોધિત આ૦' એવા નિર્દેશથી, એ વર્ષ પણ નોંધવું. પ્રકાશનવર્ષ ઈસવીસનમાં હોય તો એની પૂર્વે ઈ. લખવું જરૂરી નથી પણ સંવતમાં હોય ત્યાં સં. મૂકવું.

૪. સંપાદક માટે સં. એવો સંક્ષેપ યોજવો પણ 'લેખક' શબ્દ કે એનો સંક્ષેપાક્ષર લખવાની જરૂર નથી.

૫. સામયિકનો સંદર્ભ આપતાં (અ) સામયિકનું નામ (એકવડાં અવતરણ-ચિહ્નોમાં), પ્રકાશનનાં માસ (કે દ્વૈમાસિક આદિ હોય તો માસનો ગાળો) અને વર્ષ લખવાં. એ પછી ડૅશ કરી લેખનું નામ (એકવડાં અવતરણ-ચિહ્નોમાં) અને લેખકનું (અટકથી નહીં પણ પ્રથમ નામથી આરંભાતું) નામ લખવાં.

૬. આ સંદર્ભો નિઃશેષ સૂચિ રૂપે નહીં પણ વિશેષ વાચન ('ફર્ધર રીડિંગ') તરીકે મૂકવાના હોઈ મુખ્ય ને મહત્ત્વના ગ્રંથોમાં આવી

ગયેલી સામગ્રી જ સંગ્રહો ને સામયિકોમાં આવતી હોય તો એવા સંગ્રહો ને સામયિકોનો સમાવેશ સંદર્ભમાં અનિવાર્ય ન ગણવો.

કૃતિ અધિકરણ

૧. અધિકરણશીર્ષકમાં કૃતિનું નામ એકવડાં અવતરણચિહ્નોમાં લખવું.

૨. એ પછી કોણાકાર કૌંસમાં કૃતિનું (પ્રથમ આવૃત્તિનું) પ્રકાશનવર્ષ લખવું.

૩. એ પછી ગુરુવિરામ (કોલન) કરી કૃતિના લેખક (અને કૃતિ મરણોત્તર હોય તો લેખક તથા સંપાદક બન્ને) તથા કૃતિના સાહિત્યપ્રકારની માહિતીથી અધિકરણનો આરંભ કરવો.

૪. કૃતિઅધિકરણમાં કૃતિનો સામગ્રી અને રચનાપ્રકારની દૃષ્ટિએ અગત્યનો હોય તે પરિચય તથા સર્વસ્વીકૃત ને ખપપૂરતું મૂલ્યાંકન આપવાં. ઉપયોગી હોય ત્યાં પ્રકાશનનો ઇતિહાસ પણ આપી શકાય.

૫. કૃતિઅધિકરણ સાથે સંદર્ભવિભાગ રહેશે નહીં.

નમૂનાનાં અધિકરણો

૧. કર્તા-અધિકરણો

અંજારિયા, હિંમતલાલ ગણેશજી [જ. ૨-૧૦-૧૮૭૭ – અવ. ૨૬-૬-૧૯૭૨]: સંપાદક. રાજકોટમાં જન્મ. માતા નિર્ભયકુંવર. જ્ઞાતિએ વડનગરા નાગર. વડોદરાથી ૧૮૯૮માં બી. એ. થઈ ૧૮૯૯માં ગોંડલ રાજ્યના કેળવણી ખાતામાં નોકરી સ્વીકારી. ૧૯૦૫માં એમ. એ. થયા પછી ૧૯૦૬થી ૧૯૩૨ સુધી મુંબઈની નગરપાલિકાની શાળાસમિતિમાં પહેલાં મદદનીશ અને પછીથી મુખ્ય અધીક્ષક તરીકે કામગીરી બજાવી. નિવૃત્તિ પૂર્વેના એક દસકા દરમ્યાન, પછીથી કર્વે તથા એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી તરીકે જાણીતી થયેલી, મહિલા કૉલેજની સ્થાપના અને તેનું સંચાલન.

આજીવન અધ્યયન-અધ્યાપનમાં રત રહેલા અંજારિયા વ્યાપકપણે ઉપયોગી નીવડે એવાં ગુજરાતીની ગદ્ય-પદ્ય કૃતિઓનાં સંપાદનો આપતા રહેલા. આ સંપાદનોમાં ‘દેશભક્તિનાં કાવ્યો’ (૧૯૦૩ / ૧૯૦૫), ‘કવિતા-પ્રવેશ’ (૧૯૦૮), ગુજરાતી નાટકોનાં ગીતો સહિતની પ્રચલિત ગુજરાતી ગેય રચનાઓનો સંચય ‘સંગીતમંજરી’ (૧૯૦૯), બાલકાવ્યોનો સંચય ‘મધુબિન્દુ’ (૧૯૧૫), ‘પદ્યસંગ્રહ’ (૧૯૨૦), ‘સાહિત્યપ્રવેશિકા’ (૧૯૨૨), તેની ૧૯૪૩માં કરેલી શાલેય આવૃત્તિ ‘સાહિત્યપ્રારંભિકા’, ‘કાવ્યમાધુર્ય’ (૧૯૩૦), ‘ગદ્યપ્રવેશ : ૧-૨’ (૧૯૩૧-૩૨), ‘પદ્યપ્રવેશ’ (૧૯૩૨), ‘કાવ્યસૌરભ’ (૧૯૪૯) વગેરે સાહિત્યરસિકોની વાચનરુચિ માટે તેમ જ વિદ્યાર્થીઓને પૂરક વાચન માટે સહાયક બનેલાં છે. એ સૌમાં ૧૯મી અને ૨૦મી સદીના સંધિકાળની ગુજરાતી કવિતાનું પાલ્ગ્રેવની ‘ગોલ્ડન ટ્રેઝરી’ની ધાટીએ થયેલું સંપાદન ‘કાવ્યમાધુર્ય’ (૧૯૩૦) નોંધપાત્ર બને છે, જ્યારે વીસમી સદીના પૂર્વાર્ધની ગુજરાતી કવિતાનું પ્રતિનિધિત્વ કરતું ‘કાવ્યસૌરભ’ (૧૯૪૯) તુલનામાં નબળું ઠરે છે. ઉપર્યુક્ત સંપાદનોમાંના અભ્યાસ-લેખોમાં એમની કાવ્યરુચિ, સાહિત્યની સમજ તથા એમના સરળ, પ્રવાહી અને છટાયુક્ત ગદ્યનો પરિચય મળે છે. આ સંપાદનો ઉપરાંત એમણે કાલિદાસકૃત નાટક ‘વિક્રમોર્વશીયમ્’નો અનુવાદ (૧૯૦૬) પણ કર્યો છે.

ગુજરાતી કવિતા અને સાહિત્ય ઉપરાંત એમણે ઇતિહાસ, ભૂગોળ, સ્ત્રી-શિક્ષણ તથા બાળઉછેર જેવા વિષયોને આવરી લેતી કેટલીક પુસ્તિકાઓ પણ લખી છે.

સંદર્ભ : ૧. અર્વાચીન કવિતા, સુંદરમ્, ૧૯૪૬; ૨. ગુજરાત સાહિત્યસભા, અમદાવાદ, કાર્યવહી : સને ૧૯૪૯-૫૦; ૩. એજન : ૧૯૫૫; ૪. એજન : ૧૯૬૩; ૫. ગ્રંથ અને ગ્રંથકાર : ૧, સં. હીરાલાલ ત્રિ. પારેખ, ૧૯૩૦.

ઉમરવાડિયા, બટુભાઈ લાલભાઈ [જ. ૧૩-૭-૧૮૯૯ – અવ. ૧૮-૧-૧૯૫૦] : નાટ્યકાર. વેડછા(જિ. સુરત)માં અનાવિલ બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મ. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ, પિતાની સરકારી નોકરીને કારણે જુદાં-જુદાં ગામોમાં. બી. એ. ૧૯૨૦માં મુંબઈમાંથી. તે પછી કેટલોક સમય ખાનગી અને સરકારી નોકરીઓ કરી. ૧૯૨૭માં મુંબઈમાંથી એલએલ. બી. થઈ વકીલાત શરૂ કરી. વકીલાત નિમિત્તે સુરતવાસ (૧૯૨૮-૧૯૩૬) દરમ્યાન એમણે સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લીધો અને ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહ વખતે ક. મા. મુનશીના અધ્યક્ષપણા નીચે રચાયેલી બિનસરકારી બારડોલી તપાસસમિતિના મંત્રી તરીકે કામ કર્યું. ૧૯૩૬થી ૧૯૪૯ એમણે અમદાવાદ મિલમાલિક-મંડળના પગારદાર મંત્રી તરીકે નોંધપાત્ર કામગીરી બજાવી. એમાંથી નિવૃત્ત થઈ ફરી વકીલાત શરૂ કરી, જે દરમ્યાન ટૂંક સમયમાં જ અમદાવાદમાં એમનું અવસાન થયું.

કૉલેજકાળથી જ સાહિત્યિક પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક સક્રિય બનેલા બટુભાઈ, ૧૯૧૫ પછી આપણે ત્યાં ઇબ્સન, શૉ, ઑસ્કાર વાઇલ્ડ આદિ યુરોપીય સાહિત્યકારોના વૈચારિક ને શૈલીગત પ્રભાવ નીચે જે પ્રણાલિકાભંજક, રંગદર્શી સાહિત્યિક આબોહવા પ્રસરી તેના, મુનશી વગેરેની સાથે, એક વાહક બન્યા. ૧૯૨૦માં જ એમણે ‘રસગીતો’ના વિલક્ષણ શીર્ષક નીચે યુવાનહૃદયની ઊર્મિઓના આવિષ્કારરૂપ ગદ્યકાવ્યોનો નાનકડો સંચય પ્રગટ કર્યો. જેમાં મિસિસ બ્રાઉનિંગનાં સૉનેટ પરથી સૂચિત રચનાઓ પણ છે; અને ૧૯૨૧માં માનવશક્તિના દુર્વ્યય તથા સમાજનાં અનિષ્ટોને વિષય કરીને ચાલતા શેરિડનના સુપ્રસિદ્ધ નાટક ‘ધ સ્કૂલ ફૉર સ્કૅન્ડલ’નું રૂપાંતર ‘સંસાર એક જીવનનાટ્ય’ પ્રસિદ્ધ કર્યું. જે નવા સામાજિક વિચારો તરફના બટુભાઈના આકર્ષણનો નિર્દેશ કરે છે. ૧૯૨૦માં બટુભાઈએ વિજયરાય વૈદ્ય સાથે ‘ચેતન’ અને ૧૯૨૧માં જ્યોત્સ્ના શુક્લ સાથે ‘વિનોદ’ માસિકો શરૂ કર્યાં હતાં (ને ૧૯૨૩ સુધી ચલાવેલાં) એ પણ સાહિત્યમાં નવી કેડીઓ પાડવાના એમના ઉત્સાહના પ્રતીકરૂપ હતાં. મુનશીએ પોતાની આસપાસ તેજસ્વી તરુણોનું મંડળ રચી ૧૯૨૨-૨૩માં સાહિત્યસંસદની સ્થાપના કરીને ‘ગુજરાત’ માસિક શરૂ કર્યું તેમાં પણ બટુભાઈ હિસ્સેદાર બન્યા. બટુભાઈએ પોતાની કલમનો લાભ ‘ચેતન’ તથા ‘વિનોદ’ને તેમ

'ગુજરાત'ને તથા 'કૌમુદી' વગેરે અન્ય સામયિકોને પણ સુન્દરરામ ત્રિપાઠી, કિશોરીલાલ શર્મા, હરરાય ત્રિવેદી, કમળ, બિન્દુ, સનત વગેરે છદ્મનામો-ઉપનામોનો ઉપયોગ કરીને, આપેલો અને સર્જન-વિવેચનના કેટલાક પ્રયોગો પણ એમાં કરેલા.

આ પ્રયોગોનું એક પરિણામ તે 'વાતોનું વન' નામે વાર્તાસંગ્રહ (૧૯૨૪). શીર્ષક સૂચવે છે તેમ આ સંગ્રહમાં ઠીકઠીક રીતિભેદ દર્શાવતી ને અણઘડ પણ રહી ગયેલી વાર્તારચનાઓ છે ને એક એકાંકી નાટક તથા એક અંગત નિબંધ પણ છે. આ કૃતિઓમાં બટુભાઈની વિલક્ષણ વિચાર-સૃષ્ટિનો પ્રભાવ છે. પરંતુ એને વધારે કલાત્મક ને સબળ અભિવ્યક્તિ સાંપડી છે એમનાં એકાંકી નાટકોમાં. ૧૯૨૨માં લખાયેલા એમના પહેલા ધ્યાન ખેંચતા નાટક 'લોમહર્ષિણી'ને સમાવતો 'મત્સ્યગંધા અને ગાંગેય તથા બીજાં ચાર નાટકો' (૧૯૨૫) અને 'માલાદેવી અને બીજાં નાટકો' (૧૯૨૭) એ નાટ્યસંગ્રહો પછી બટુભાઈએ 'શૈવાલિની અને બીજાં નાટકો' એ નામે સંગ્રહ કરવા વિચારેલું, પણ એ થઈ શક્યું નહીં અને ૧૯૨૭માં લખાયેલા છેલ્લા નાટક 'શૈવાલિની'ને બટુભાઈનાં પસંદ કરેલાં નાટકોના મરણોત્તર સંગ્રહ 'બટુભાઈનાં નાટકો' (સં. અનંતરાય રાવળ, ૧૯૫૧)માં જ સમાવવાનું થયું. 'મત્સ્યગંધા અને ગાંગેય તથા બીજાં ચાર નાટકો'માંના 'મહમ્મદ પેગંબર' એ નાટકને કારણે બટુભાઈને મુસ્લિમોનો વિરોધ સહન કરવાનો આવ્યો અને સરકારી પ્રતિબંધને કારણે સંગ્રહમાંથી એ નાટક રદ કરી 'મનનાં ભૂત' નામે નાટક મૂકવાનું થયું. આધુનિક સમયને અનુરૂપ નવાં મૂલ્યોની ખોજમાં ગંભીરપણે પ્રવૃત્ત થયેલા બટુભાઈ પૌરાણિક વિષયોને સ્પર્શતા ને પોતાનું નવું અર્થઘટન મૂકતા તે તથા સમાજવ્યવસ્થા પરત્વેના બટુભાઈના કેટલાક ક્રાન્તિકારક વિચારો પરંપરાગત માનસને આઘાત લગાડનારા નીવડ્યા. છતાં વિચાર એમનાં નાટકોનું એક બળવાન પાસું બની રહ્યો. દૃશ્યબહુલતા તથા સમયવિસ્તારને કારણે એકાંકીમાં અપેક્ષિત સઘનતાની દૃષ્ટિએ ઊણી ઊતરતી બટુભાઈની આ રચનાઓ પ્રારંભકાળની કેટલીક કચાશો ધરાવે છે છતાં એ કૃતિઓ એના વિચારબળ, વિચારને અનુરૂપ એક નાટ્યક્ષમ પરિસ્થિતિની સંકલ્પના, દ્યોતક સજીવ પાત્રાલેખન અને વાક્છટાયુક્ત સંવાદોથી પોતાનું એક આગવું રૂપ ઘડે છે, જે બટુભાઈને ગુજરાતી નાટકના ઇતિહાસમાં ગૌરવભર્યું સ્થાન અપાવે છે.

૧૯૨૮-૨૯માં બટુભાઈ થોડા સમય માટે જ્યોત્સ્ના શુક્લ સાથે 'સુદર્શન' સાપ્તાહિકના તંત્રી બનેલા, પરંતુ વસ્તુતઃ આ સમયથી એમની

સાહિત્યિક કારકિર્દી સ્થગિત થઈ ગયેલી હતી. ૧૯૩૫માં 'રાસઅંજલિ' નામક ગરબાસંગ્રહ તથા 'શાકુન્તલ'ને પાત્રનામો, પ્રસંગો વગેરેના ફેરફારો વડે અર્વાચીન સમયમાં ઢાળીને તૈયાર કરેલું રસલક્ષી રૂપાંતર 'શકુન્તલા રસદર્શન' પ્રગટ થાય છે. પણ એ માત્ર ક્ષણિક ઝબકારો નીવડે છે અને બટુભાઈનો તારો ગુજરાતી સાહિત્યાકાશમાં ઝળકતો રહેતો નથી. ૧૯૩૭માં 'કીર્તિદાને કમળના પત્રો' પ્રકાશિત થાય છે, પણ એ ૧૯૨૪-૨૫માં 'માનસી'માં લખાયેલી લેખમાળા છે. મુનશીના 'ગુજરાત ઍન્ડ ઇટ્સ લિટરેચર'ની સમીક્ષા નિમિત્તે આ ગ્રંથમાં ગુજરાતી સાહિત્યની સિદ્ધિ-અસિદ્ધિઓનું રસાળ ને રમતિયાળ પત્રશૈલીએ મર્મગ્રાહી અવલોકન રજૂ થયું છે, જે અરૂઢ વિવેચનનો એક લાક્ષણિક નમૂનો બની રહે છે.

બટુભાઈની કેટલીક સામગ્રી ગ્રંથસ્થ થવી બાકી છે તેમાં ૧૯૨૬માં 'આપણા કેટલાક મહાજનો' એ શીર્ષકથી 'ગુજરાત'માં પ્રગટ થયેલ અગ્રગણ્ય ગુજરાતીઓનાં નિજી દૃષ્ટિનાં ને નિખાલસ રેખાચિત્રો, ૧૯૨૬-૨૭માં 'સુવર્ણ-માલા'માં પ્રગટ થયેલ 'મધુસૂદન' નામે અધૂરી નવલકથા તથા પ્રકીર્ણ લેખોનો નિર્દેશ કરવો જોઈએ.

સંદર્ભ : ૧. એકાંકી અને ગુજરાતી એકાંકી, સં. જયંત કોઠારી, ૧૯૮૦; ૨. ગ્રંથ અને ગ્રંથકાર : ૧, સં. હીરાલાલ ત્રિ. પારેખ. ૧૯૩૦; ૩. બટુભાઈનાં નાટકો, સં. અનંતરાય રાવળ, ૧૯૫૧, – 'આ નાટકો' નામક પ્રસ્તાવનાલેખ; ☐ ૪. માનસી, સપ્ટે. ૧૯૫૦.

'કલાપી'/સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ (જ. ૨૬-૧-૧૮૭૪ – અવ. ૯-૬-૧૯૦૦): કવિ અને ગદ્યકાર. લાઠી(જિ. અમરેલી)ના રાજ-કુટુંબમાં જન્મ. માતાનું નામ રામબા. ૧૮૮૨થી ૧૮૯૦ સુધી રાજકોટની રાજકુમાર કૉલેજમાં પ્રાથમિક શિક્ષણ, જે આંખોની તકલીફ, રાજકીય ખટપટો ને કૌટુંબિક કલેશોને કારણે એ વખતના અંગ્રેજી પાંચમા ધોરણ આગળ અટક્યું. આ દરમ્યાન ૧૮૮૯માં રોહા(કચ્છ)નાં રાજબા (રમા) તથા કોટડા-સાંગાણીનાં આનંદીબા સાથે લગ્ન. પિતા અને મોટાભાઈના અવસાનથી સગીર વયે જ ગાદીવારસ ઠરેલા સુરસિંહને ૧૮૯૫માં લાઠી-સંસ્થાનનું રાજપદ સોંપાયું. રમા સાથે આવેલી ખવાસ જાતિની દાસી મોંઘી (પછીથી શોભના) પર ઢળેલી વત્સલતા, એને કેળવવા જતાં સધાયેલી નિકટતાને કારણે, ગાઢ પ્રીતિમાં પરિણમી અને કલાપીના આંતરબાહ્ય જીવનમાં મોટો ખળભળાટ મચી ગયો. ઘણા સાંસારિક, માનસિક, વૈચારિક સંઘર્ષોને અંતે

કલાપીએ ૧૮૯૮માં શોભના સાથે લગ્ન કર્યું. ઋજુ ને સંવેદનશીલ પ્રકૃતિના આ કવિ પ્રાપ્ત રાજધર્મ બજાવવા છતાં રાજસત્તા અને રાજકાર્યમાં પોતાની જાતને ગોઠવી શક્યા નહોતા, ને છેવટે ગાદીત્યાગનો દૃઢ નિર્ધાર કરી ચૂકેલા કલાપીનું, છપ્પનિયા દુકાળ (૧૯૦૦) વખતે પ્રજાધર્મ બજાવતાંબજાવતાં, લાઠીમાં અવસાન થયું.

ઘણું ઓછું ઔપચારિક શિક્ષણ પામેલા કલાપીએ અંગત શિક્ષકો રોકી અંગ્રેજી-સંસ્કૃત સાહિત્યનું શિક્ષણ મેળવ્યું. ફારસી-ઉર્દૂનો પણ અભ્યાસ કર્યો અને વાચન-અધ્યયનની રુચિ કેળવી. ગુજરાતી તથા ઇતર ભાષાઓના સાહિત્યગ્રંથોના વાચને તેમ જ વાજસૂરવાળા, મણિલાલ, કાન્ત, સંચિત વગેરેના સંપર્કે કલાપીની સાહિત્યિક દૃષ્ટિ ને સજ્જતા કેળવવામાં ઘણો ફાળો આપ્યો જણાય છે.

કલાપીએ કાવ્યરચનાનો આરંભ ૧૮૯૦ આસપાસ કરેલો પણ એ પછી બે વર્ષે એ પ્રકાશમાં આવ્યા. એ જ વખતે પત્રો રૂપે કાશ્મીરના પ્રવાસનું વર્ણન પણ લખાયું છે. એટલે કલાપીની સાહિત્યકાર તરીકેની કારકિર્દી ૧૮૯૨થી આરંભાઈ એમ કહી શકાય.

જટિલે સૂચવેલું 'કલાપી' ઉપનામ તો છેક ૧૮૯૮ પછીથી યોજાયેલું જોવા મળે છે. એ પૂર્વે સંચિતે સૂચવેલું ગણાતું અને સંચિત પરના ૧૮૯૨ જેટલા જૂના પત્રોમાં 'પ્રેમમધુકર', 'મધુકર' એવી સહી રૂપે દેખા દેતું 'મધુકર' ઉપનામ કલાપીએ એમની કાવ્યકૃતિઓ સાથે જોડેલું અને પોતાના કાવ્યસંગ્રહનું નામ પણ 'મધુકરનો ગુંજારવ' રાખવાનું વિચારેલું.

૧૮૯૨થી ૧૯૦૦ સુધીની કલાપીની સર્વ કાવ્યરચનાઓને સમાવતા 'કલાપીનો કેકારવ'નું ૧૯૦૩માં કવિ કાન્તને હાથે મરણોત્તર પ્રકાશન થયું. જગન્નાથ ત્રિપાઠી 'સાગર'ની ૧૯૩૧ની સંવર્ધિત સટિપ્પણ આવૃત્તિ પછી પણ આ બૃહત્ સંગ્રહની આવૃત્તિઓ થતી રહી છે તેમ જ એમાંથી પસંદ કરેલાં કાવ્યોનાં અનેકવિધ સંપાદનો થયાં છે. વર્ડ્ઝવર્થ, શેલી, કીટ્સ વગેરેની રોમાન્ટિક કવિતા-પરંપરાથી પ્રભાવિત કલાપીએ એ કવિઓનાં કેટલાંક કાવ્યોનાં ભાવવાહી રૂપાંતરો ને અનુવાદો પણ કર્યાં છે તથા નરસિંહરાવ, બાલાશંકર, મણિલાલ અને કાન્તની કવિતાની છાયા પણ ઝીલી છે. તેમ છતાં કલાપીનું સર્જન એમના અનુભવનો રણકો લઈને આવે છે અને કલાપીનાં ઘણાંબધાં કાવ્યો તો એમના જીવનસંવેદન અને સંઘર્ષમાંથી ફૂટેલાં છે. કલાપીનો જીવનસંઘર્ષ પરાકાષ્ઠાએ હતો ત્યારે – ૧૮૯૭-૯૮માં – સૌથી વધારે પ્રમાણમાં અને વધુ નોંધપાત્ર કાવ્યો મળે છે એ સૂચક છે.

વિશેષપણે પ્રેમના ને એ ઉપરાંત પ્રકૃતિ, પ્રભુપ્રેમ ને ચિંતનના ભાવોને વ્યક્ત કરતી કલાપીની કવિતા મુખ્યત્વે છંદોબદ્ધ લઘુ કાવ્યો ને ગઝલો જેવા આત્મલક્ષી ઊર્મિકાવ્યના પ્રકારમાં તથા કેટલેક અંશે ખંડકાવ્ય જેવા પરલક્ષી કાવ્યપ્રકારમાં વહી છે. સંસ્કૃત વૃત્તબદ્ધ કવિતામાં, બોલાતી ગુજરાતી ભાષાના વિનિયોગથી નિપજેલી પ્રાસાદિક કાવ્યબાની, મસ્તરંગી સંવેદનની તીવ્રતાએ એમની ગઝલમાં પ્રગટાવેલી લાક્ષણિક અભિવ્યક્તિછટા, ખંડકાવ્યોમાં ચરિત્રાંકનની સુઘડતા ને ઊર્મિવિચારનું મનોરમ આલેખન કલાપીની આગવી મુદ્રા આંકે છે. કલાસંયમના પ્રકૃતિગત અભાવને કારણે તથા કેળવણીનો પૂરતો લાભ ન પામવાને લીધે એમની કવિતામાં રચનાની શિથિલતા ને બાનીનાં અતિસરલતા ને ગદ્યાળુતા જણાય છે. ખંડકાવ્ય પ્રકારની કવિતામાં પણ કલાપી વસ્તુલક્ષિતા ઝાઝી સિદ્ધ કરી શક્યા નથી. પણ હૃદયંગમ ચિંતનશીલતા, ઋજુ સંવેદનનું માધુર્યભર્યું નિરૂપણ આદિ એમની કવિતાને હૃદ્ય બનાવે છે. છેલ્લાં વર્ષોમાં તો એમની કલમે પ્રૌઢિ પણ પ્રાપ્ત કરી લીધેલી.

'કલાપીનો કેકારવ'ની ૧૯૩૧ની આવૃત્તિમાં સમાવાયેલા, ૪ સર્ગના 'હમીરજી ગોહેલ'ના ૩ સર્ગો ૧૯૧૨માં કાન્તે સ્વતંત્ર ગ્રંથ રૂપે પ્રગટ કરેલા. સ્કૉટના 'લેડી ઑવ ધ લેઈક'ના સ્વરૂપને આધાર તરીકે રાખી ૧૮૯૭માં આરંભેલું આ કાવ્ય ૪ સર્ગે અધૂરું જ રહ્યું છે. મહાકાવ્ય રૂપે રચવા ધારેલી ૨૦૦૦ ઉપરાંત પંક્તિઓની આ ઇતિહાસ-આધારિત કૃતિ ખંડકાવ્યની વધુ નજીક રહે છે. સંકલનની ક્યાશો ને નિરૂપણની દીર્ઘસૂત્રિતાને લીધે શિથિલ રહેતું હોવા છતાં કલાપીની રુચિર વર્ણનરીતિની દૃષ્ટિએ તેમ જ દીર્ઘ કથાવસ્તુને આલેખતી કૃતિ લેખે એ નોંધપાત્ર બને છે.

કલાપીએ પ્રવાસવર્ણન, સંવાદો, અનુવાદો, ડાયરી, આત્મકથન અને પત્રો રૂપે ગદ્યલેખન પણ કર્યું છે. ૧૮૯૧-૯૨માં કરેલા ભારતપ્રવાસ દરમ્યાન પોતાના શિક્ષક નરહરિ જોશીને પત્રો રૂપે લખાયેલ 'કાશ્મીરનો પ્રવાસ'નું જાહેર પ્રકાશન ૧૯૧૨માં 'કાશ્મીરનો પ્રવાસ, કલાપીના સંવાદો અને સ્વીડનબૉર્ગનો ધર્મવિચાર' એ ગ્રંથમાં થયું. આ પ્રવાસકથનમાં પ્રકૃતિના સૌન્દર્યદર્શનના વિસ્મયને આલેખતાં ઊર્મિરસિત ને સુરેખ વર્ણનો તથા લોકજીવનનાં ઝીણાં નિરીક્ષણો નોંધપાત્ર છે. જ્યાં પ્રવાસના અનુભવોનું નિરૂપણ સાહજિક રહ્યું છે ત્યાં તાજગીયુક્ત જણાતું ગદ્ય અંગ્રેજી-સંસ્કૃત ગ્રંથોના વાચનનો પ્રભાવ પડ્યો છે ત્યાં કંઈક આયાસી બન્યું છે.

પ્લેટો અને સ્વીડનબૉર્ગના તત્ત્વચિંતનમાંથી વિચારસામગ્રી લઈને તથા લોકકથાઓમાંથી પાત્રો લઈને કલાપીએ લખેલા ચાર સંવાદોમાં ઊર્મિનું

બળ ને વિચારના તણખા નોંધપાત્ર છે. ચિંતનાત્મક વસ્તુને સંવાદોની છટામાં મૂકી આપતા ગદ્યનું એમાં એક લાક્ષણિક રૂપ ઊપસે છે. 'સ્વીડન-બૉર્ગનો ધર્મવિચાર ' મૂળ કાન્તને ઉદ્દેશીને લખાયેલો લાંબો ગંભીર પત્ર છે. કલાપીની ચિંતનક્ષમતાનો એમાં સારો પરિચય મળી રહે છે.

સાહિત્યકાર મિત્રો, સ્નેહીઓ તથા કુટુંબીજનો પર કલાપીએ લખેલા ૬૭૯ પત્રો 'કલાપીના ૧૪૪ પત્રો' (સં. મુનિકુમાર ભટ્ટ, ૧૯૨૫) અને 'કલાપીની પત્રધારા' (સં. જોરાવરસિંહજી સુરસિંહજી ગોહિલ, ૧૯૩૧)માં ગ્રંથસ્થ થયા છે, તે સિવાય ' કૌમુદી ' વગેરેમાં પ્રકાશિત, કેટલાક ગ્રંથોમાં આંશિક રૂપે ઉદ્ધૃત ને આજ સુધી અપ્રગટ અનેક પત્રો ગ્રંથસ્થ થવા બાકી છે. પત્રોમાં કલાપીનું નિર્દંભ, નિખાલસ ને ઊર્મિલ વ્યક્તિત્વ ઊપસે છે તે ઉપરાંત એમના જીવનકાર્ય, સાહિત્યસાધના ને ચિંતનશીલતાનો પરિચય પણ મળે છે. આ પત્રો રોચક અને અવારનવાર વેધક બનતી ગદ્યશૈલીની દૃષ્ટિએ પણ ધ્યાન ખેંચે છે.

સ્વીડનબૉર્ગીય ચિંતનના આકર્ષણને લીધે, એમની ધાર્મિક માન્યતાઓના કંઈક પ્રચાર જેવી, જેમ્સ સ્પિલિંગની બે અંગ્રેજી નવલકથાઓનાં રૂપાંતર કલાપીએ કરેલાં. 'Wreath and the ring'નું 'કાન્તનો દિનચર્યાલેખ' નામે, મે ૧૯૦૦માં કરેલું રૂપાંતર ૧૯૧૨માં કાન્તે 'માળા અને મુદ્રિકા ' નામે પ્રકાશિત કરેલું. એ જ ગાળામાં આરંભેલું બીજી નવલકથા-' Charies Robinson 'નું 'એક આત્માના ઇતિહાસનું એક સ્વરૂપ' નામે રૂપાન્તર કલાપી પૂરું કરી શકેલા નહીં. એને રમણીકલાલ દલાલ પાસે પૂરું કરાવી ૧૯૩૩માં રમણીક મહેતાએ 'નારીહૃદય' નામથી પ્રગટ કરેલું. કોઈ સાહિત્યરસથી નહીં પણ ધર્મશ્રદ્ધાથી પ્રેરાઈને કલાપીએ કરેલાં આ રૂપાન્તરોનું ગદ્ય પ્રાસાદિક છે.

કલાપી નિયમિતપણે અંગત ડાયરી લખતા હોવાના તથા ૧૮૯૭ આસપાસ એમણે આત્મકથા લખવાનું આરંભ્યાના નિર્દેશો મળે છે પણ એમના અવસાન પછી આ બંને પ્રકારનાં લખાણો ક્યાંયથી પ્રાપ્ત થયાં નથી.

સંદર્ભ : ૧. કલાપી, નવલરામ જ. ત્રિવેદી, ૧૯૪૪; ૨. કલાપી અને સંચિત, રમેશ મ, શુક્લ, ૧૯૮૧; ૩. કલાપી – એક અધ્યયન, ઇન્દ્રવદન કા. દવે, ૧૯૬૯; ૪. કલાપીદર્શન, સં. ધનવંત શાહ, ગુંજન બરવળિયા, ૧૯૭૫; □ ૫. અર્વાચીન કવિતા, સુન્દરમ્, ૧૯૪૬; ૬. કલાપીનો કાવ્યકલાપ, સં. અનંતરાય રાવળ, ૧૯૫૪ – પ્રસ્તાવનાલેખ.

કરસનદાસ મૂળજી [જ. ૨૫-૭-૧૮૩૨ – અવ. ૨૮-૮-૧૮૭૧]: સુધારક, પત્રકાર ને પ્રવાસલેખક. જન્મ મુંબઈમાં. જ્ઞાતિએ વીસા કપોળ વણિક. બાળપણમાં માતાનું મૃત્યુ. પિતાએ બીજું લગ્ન કર્યું ત્યારથી ઉછેર મોસાળમાં. માધ્યમિક ને ઉચ્ચ શિક્ષણ એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં. કૉલેજકાળ દરમ્યાન, ૧૮૫૨થી જ, પ્રગતિશીલ વિચાર-વલણોને કારણે મોસાળનો પણ આધાર ગુમાવ્યો. એથી પ્રતિકૂળ બનેલા આર્થિક સંયોગોમાં અભ્યાસ અધૂરો છોડી, મુંબઈની એક શાળામાં શિક્ષક બન્યા ને વચ્ચે ૧૮૫૭માં થોડાક માસ ડીસામાં હેડમાસ્તર રહી આવ્યા. આ સિવાય ૧૮૫૫થી ૧૮૬૩ સુધી ‘સત્યપ્રકાશ’, ‘રાસ્તગોફ્તાર’ અને ‘સ્ત્રીબોધ’નું તંત્રીકાર્ય સંભાળ્યું ને ધાર્મિક-સામાજિક બદીઓ વિરુદ્ધ નિર્ભીકતાથી લખ્યું. એના એક પરિણામ રૂપે, એમના પર ૧૮૬૧માં ‘મહારાજ લાયબલ કેસ’ થયો જે એકલે હાથે લડીને એ જીત્યા. ૧૮૬૩માં અને એ પછી ૧૮૬૭માં, એમ બે વાર વ્યવસાયનિમિત્તે ઇંગ્લૅંડ ગયા. જ્ઞાતિથી બહિષ્કૃત થયા છતાં સમાધાન ન સ્વીકાર્યું. ૧૮૬૭થી ૧૮૭૧ સુધી, પહેલાં રાજકોટમાં ને પછી લીંબડીમાં સરકારી પ્રશાસકની કામગીરી કરી. ત્યાં એમની સુધારક-પ્રવૃત્તિઓ વિસ્તરી. લીંબડીમાં અવસાન.

બુદ્ધિવર્ધક સભામાં વંચાયો અને પછી એના વાર્ષિકમાં પ્રગટ થયો (૧૮૫૩) એ ‘દેશાટણ વિશે નિબંધ’ કરસનદાસનું પ્રથમ જાહેર લખાણ. ત્યાર પછી ‘સત્યપ્રકાશ’, ‘રાસ્ત ગોફ્તાર’ અને ‘સ્ત્રી-બોધ’માં એકધારી રીતે પ્રગટ થતાં રહેલાં એમનાં લખાણો મુખ્યત્વે ધાર્મિક, નૈતિક કે સામાજિક સુધારણાવિષયક હતાં. આ લખાણોને સમાવતા એમના ગ્રંથો પ્રધાનપણે એમની સુધારક તરીકેની અને ગૌણપણે વિચારક તરીકેની પ્રતિભા ઉપસાવે છે. આવા ગ્રંથોમાં, વ્યક્તિગત અને સામાજિક નીતિ પ્રબોધતા *‘નીતિસંગ્રહ’ (૧૮૫૬) અને *‘નીતિવચન’ (અનુવાદ, ૧૮૫૯), સ્ત્રી-ઉપયોગી, બોધપ્રધાન તથા નર્મશક્તિની ચમકવાળા લેખોનો સંચય ‘સંસાર-સુખ’ (૧૮૬૦); હાસ્યકટાક્ષભર્યા, હેતુલક્ષી, સંવાદપ્રધાન પ્રસંગોનો સંગ્રહ ‘કુટુંબમિત્ર’ (૧૮૮૭); રૂઢિભંજક અને બ્રાહ્મણોની સ્વાર્થાંધતાને ઉઘાડી પાડતી પુસ્તિકા *‘વેદધર્મ તથા વેદધર્મ પછીનાં ધર્મપુસ્તકો’ (૧૮૬૬) અને સુધારણાવિષયક નિબંધોનો સંગ્રહ ‘નિબંધમાળા’ (૧૮૭૦) – એટલાંનો સમાવેશ થાય છે. ‘મહારાજ લાયબલ કેસ’ (૧૮૬૨) જદુનાથજી મહારાજે એમની સામે માંડેલા બદનક્ષીના કેસનો સમગ્ર અહેવાલ આપે છે તો *‘મહારાજોનો ઇતિહાસ’ (૧૮૬૫; એ જ વર્ષે અંગ્રેજીમાં *‘હિસ્ટરી ઑવ્ ધ સેક્ટ

ઑવ્ મહારાજાઝ ઍાર વલ્લભાચાર્યાઝ') વલ્લભ સંપ્રદાયના મહારાજોની અનીતિને ઐતિહાસિક તથ્યો સાથે નિરૂપે છે.

કરસનદાસની સૌથી વધુ નોંધપાત્ર કૃતિ છે 'ઇંગ્લાંડમાં પ્રવાસ' (૧૮૬૬). ઇંગ્લૅંડનાં મહત્ત્વનાં સ્થળોનાં વિવિધરંગી ચિત્રો ધરાવતો આ ગ્રંથ, ઇંગ્લૅંડનાં વિવિધ સ્થળોનાં રોચક ને ચિત્રાત્મક વર્ણનો સાથે ત્યાંની પ્રજા, સંસ્કૃતિ અને તત્કાલીન સામાજિક-રાજકીય પરિવેશ વિશેનાં લેખકનાં નિરીક્ષણોને પણ વીગતે નિરૂપે છે. એથી, ગુજરાતી પ્રવાસસાહિત્યમાં એનું સ્થાન વિશિષ્ટ છે. આશરે ૧૦,૦૦૦ શબ્દો ધરાવતો શાળોપયોગી લઘુકોશ *'ધી પૉકેટ ગુજરાતી-ઇંગ્લીશ ડીક્ષનરી' (૧૮૬૨) એમનું બીજું મહત્ત્વનું કામ છે. આ ઉપરાંત, *'નીતિબોધક' (૧૮૫૭), *'રામમોહનરાય' (૧૮૫૮), *'સુધારો અને મહારાજ' (૧૮૬૧) વગેરે પત્રિકાઓ; 'મુંબઈબજાર' (૧૮૫૯) અને 'સ્વધર્મબોધક પાખંડખંડન' (૧૮૬૦) એ અલ્પકાલીન સામયિકો તથા 'ડાંડિયો'માંનાં કરસનદાસે લખેલાં કહેવાતાં કેટલાંક અનામી લખાણો – એટલું એમનું અન્ય લેખન-કાર્ય પણ સુધારકપત્રકાર તરીકેની એમની જીવન-પ્રવૃત્તિને જ નિર્દેશે છે.

સંદર્ભ : ૧. ઉત્તમ કપોળ કરસનદાસ મૂળજી, મહીપતરામ નીલકંઠ, ૧૮૭૭; ૨. કરસનદાસ મૂળજી અને તત્સંબંધના વિચાર, મનઃસુખરામ ત્રિપાઠી, ૧૮૭૯; ☐ ૩. ઇતિહાસ અને સાહિત્ય, ભોગીલાલ જ. સાંડેસરા, ૧૯૬૬; ૪. ગુજરાતી સાહિત્યની રૂપરેખા : ૨, વિજયરાય ક. વૈદ્ય, ૧૯૬૭ (સંવર્ધિત આવૃત્તિ); ૫. ગ્રંથ અને ગ્રંથકાર : ૫, સં. હીરાલાલ ત્રિ. પારેખ, ૧૯૩૪.

ગોહિલ, સુરસિંહજી તખ્તસિંહજી : જુઓ 'કલાપી.'

દલાલ, જયંતિ ઘેલાભાઈ (જ. ૧૮-૧૧-૧૯૦૯ – અવ. ૨૪-૮-૧૯૭૦) : નાટ્યકાર, વાર્તાકાર, નવલકથાકાર અને અનુવાદક. અમદાવાદમાં વીસા ઓસવાળ જૈન કુટુંબમાં જન્મ. પિતા ઘેલાભાઈ 'દેશી નાટક સમાજ'ના સંચાલક હતા. એથી આ ફરતી નાટકકંપનીને લીધે, એમનું પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ વિવિધ સ્થળે થયેલું. ૧૯૨૫માં મૅટ્રિક થઈ ઉચ્ચ અભ્યાસ માટે તે ગુજરાત કૉલેજમાં જોડાયેલા. પણ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાંની સક્રિયતાને કારણે ૧૯૩૦માં બી. એ. ના છેલ્લા વર્ષમાં હતા ને અભ્યાસ છોડ્યો. એ વખતથી આરંભાયેલી એમની રાજકીય કારકિર્દી, ૧૯૫૬માં એ મહાગુજરાતની લડતમાં જોડાયા ને પછી ૧૯૫૭માં વિધાનસભાના સભ્ય

થયા ત્યારે શિખર-સ્થાને પહોંચી, ૧૯૬૨માં એ ચૂંટણી હાર્યા ત્યાં સુધી ટકી ને નોંધપાત્ર રહી. અમદાવાદની રાજકીય-સામાજિક પ્રવૃત્તિઓ સાથે તો એ, એક સમાજવાદી વિચારક રૂપે, અવસાનપર્યંત સંકળાયેલા રહ્યા.

દલાલ વ્યવસાયે મુદ્રક. ૧૯૩૯થી જિંદગીપર્યંત એમણે પ્રેસ ચલાવ્યું. આ ઉપરાંત જુદેજુદે સમયે ઘણી વૈચારિક ને કલાલક્ષી પ્રવૃત્તિઓ કરી. 'રેખા' (૧૯૩૯-૪૦) અને 'એકાંકી' (૧૯૫૧) નામનાં સાહિત્ય-રંગભૂમિનાં સામયિકોનું સંપાદન કર્યું. 'ગતિ' સાપ્તાહિક અને મહાગુજરાત આંદોલન સમયે 'નવગુજરાત' દૈનિક એ વિચારપત્રો ચલાવ્યાં. નાટ્યક્ષેત્રે અભિનય અને દિગ્દર્શનમાં સક્રિય રસ લીધો અને દશ્યકલાની શક્યતાઓ પ્રત્યેના વિશ્વાસથી પ્રેરાઈ દિલ્હીના એક અંગ્રેજી ફિલ્મસાપ્તાહિકનું સંપાદન કરવા સાથે 'બિખરે મોતી' નામક ગુજરાતી ફિલ્મનું નિર્માણ (૧૯૩૫) કરવા સુધી પહોંચ્યા. પણ એમની નોંધપાત્ર સેવાઓ તો સાહિત્યકાર તરીકેની જ ગણાય. સાહિત્યને એમણે કરેલા વિશિષ્ટ પ્રદાન માટે દલાલને રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૫૯) ને નર્મદ સુવર્ણચંદ્રકનું બહુમાન પણ પ્રાપ્ત થયેલું.

વ્યવસાયી રંગભૂમિ પર જ ઉછેર થયો હોવાથી તખ્તાની પણ ઊંચી જાણકારી ધરાવતા દલાલે 'જવનિકા' (૧૯૪૧), 'પ્રવેશ બીજો' (૧૯૫૦), 'પ્રવેશ ત્રીજો' (૧૯૫૩) અને 'ચોથો પ્રવેશ' (૧૯૫૭) એ ચાર સંગ્રહોમાં કુલ ૪૩ પ્રયોગશીલ એકાંકી નાટકો આપીને એકાંકી નાટકના ક્ષેત્રે અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું છે. એમની બૌદ્ધિક સજ્જતાએ અને નાટક સાથેની ઊંડી નિસ્બતે એમના અત્યંત સાહસિક પ્રયોગને પણ એળે જવા દીધો નથી. 'સોયનું નાકું', 'દ્રૌપદીનો સહકાર', 'જોઈએ છે, જોઈએ છીએ' જેવી કૃતિઓ એમની સમર્થ ને સફળ પ્રયોગશીલતાના નમૂનારૂપ છે. જીવનનો ઊંડો સંસ્પર્શ કરાવતું વસ્તુ, કટાક્ષની ચમકવાળા ને જીવનરહસ્યને ઉઠાવ આપતા સંવાદો, બોલચાલની છટાઓથી પ્રગટતી માર્મિકતા, ઉક્તિલાઘવ તથા વસ્તુને તખ્તા પર પ્રભાવક રીતે રજૂ કરતી અરૂઢ નિરૂપણરીતિ એમની વિશેષતાઓ છે. અતિ સૂક્ષ્મ વળોટવાળી લાઘવયુક્ત શૈલીએ એમના સંવાદોને ક્વચિત્ દુર્બોધ પણ રાખ્યા છે. 'અવતરણ' (૧૯૪૯) નામનું એક વિલક્ષણ પ્રયોગ-રૂપ વિચારકેન્દ્રી ત્રિ-અંકી નાટક તથા વિવિધ વયજૂથનાં બાળકો-કિશોરો માટે કરેલા 'રંગતોરણ' આદિ ચાર સંગ્રહો(૧૯૫૮)માં એમણે બાળ-નાટકો પણ આપ્યાં છે. ડાહ્યાભાઈ ધોળશાજીના 'વીણાવેલી'ના એક પાત્રને કેન્દ્રમાં રાખીને એમણે 'ધમલો માળી' (૧૯૬૨) નામે એક રેડિયો સંકલન કરેલું તથા એમનાં નાટકોનું સંપાદન-પ્રકાશન (ભાગ : ૧,૧૯૬૪; ૨, ૧૯૬૬;

૩,૧૯૬૯) કરેલું એમાં નાટ્યપ્રીતિ ઉપરાંત ડાહ્યાભાઈ ધોળશાજી પ્રત્યેનો એમનો પ્રેમાદર પણ ખરો.

વાર્તાકાર તરીકે પણ જયંતિ દલાલ પ્રયોગનિષ્ઠ ને ઉત્તમ સર્જકશક્તિવાળા લેખક હતા. ૧૯૪૧થી ૧૯૬૮ સુધીના લગભગ બે દાયકા સુધી વાર્તાસર્જન કરી 'ઉત્તરા' (૧૯૪૪), 'જૂજવાં' (૧૯૫૦), 'કથરોટમાં ગંગા' (૧૯૫૦), 'મૂકમ્ કરોતિ' (૧૯૫૩), 'આ ઘેર, પેલે ઘેર' (૧૯૫૬), 'અડખેપડખે' (૧૯૬૪) અને 'યુધિષ્ઠિર?' (૧૯૬૮) એ સાત સંગ્રહોમાં કુલ ૧૩૫ વાર્તાઓ એમણે આપી છે. ૧૯૬૩ સુધીની વાર્તાઓમાંથી ૨૪ પસંદ કરીને એમણે પોતે 'ઇષત્' (૧૯૬૩) નામનો એક સંગ્રહ સંપાદિત પણ કરેલો. આરંભમાં 'નિર્વાસિત' ઉપનામથી લખેલી વાર્તાઓમાં પણ પ્રયોગશીલતા દાખવનાર દલાલે એ પછી તો કથા-આલેખનના ને રચના-રીતિના અનેકવિધ પ્રયોગો કર્યા. બાહ્ય ઘટનાની ચમત્કૃતિ પર મદાર બાંધતી વાર્તારીતિને બદલે મનઃસૃષ્ટિમાં ગુજરતી ઘટનાને અવલંબતી કથાનિરૂપણ-રીતિ, સંવેદનનાં વિવિધ પરિમાણોને ઉપસાવી આપતાં દશ્યકલ્પનોનું આલેખન ને બોલચાલની સહજતાવાળી પણ અર્થસમર્પક ને માર્મિક ભાષાનો વિનિયોગ – એમની વાર્તાકલાના મુખ્ય વિશેષો છે. વાર્તારચનાની વિવિધ ટેકનીકોની અજમાયશ થતી હોવા છતાં એમની વાર્તાઓનું કેન્દ્ર અનુભૂતિની સચ્ચાઈ ને બૌદ્ધિક પ્રતીતિ રહ્યું હોવાથી તથા બહુસ્તરીય સમાજને ઓળખવાની ક્ષમતા ને વ્યક્તિના આંતરવિશ્વને ગ્રહવાની પટુતા એમનામાં હોવાથી એમની સર્જકતાનું ફલક ઘણું વિશાળ રહેલું.

એમણે લખેલી બે નવલકથાઓ પૈકી પહેલી 'ધીમુ અને વિભા' (૧૯૪૩) બુદ્ધિનિષ્ઠ જીવન-દષ્ટિવાળા નાયકના દ્વિધાત્મક આંતરસંવેદનને તથા નાયિકાના પ્રેમસમર્પણને, પ્રથમપુરુષ કથનપદ્ધતિએ નિરૂપતી, કરુણાન્ત કથા છે. બીજી 'પાદરનાં તીરથ' (૧૯૪૬) નિર્દય પોલીસદમનનો ભોગ બનેલા સમુદાયની મુખ્ય ઘટનાની ભીતરમાં માનવીય ને મમતાજન્ય સંવેદન તથા સૂક્ષ્મ નૈતિક મૂલ્યો વચ્ચેની દ્વિધામાં પ્રગટ થતા સંકુલ જીવનરહસ્યને ઉપસાવી આપતી સુબદ્ધ ને પ્રભાવક કથા છે.

સર્જનાત્મક સાહિત્ય ઉપરાંત જયંતિ દલાલે, રૂઢ રંગભૂમિના જીવનની વાસ્તવિકતાને 'પગદીવાની પછીતેથી' (૧૯૪૦)માં અને અમદાવાદના મધ્યમવર્ગીય જીવનની વિષમતાને 'શહેરની શેરી' (૧૯૪૮)માં વાર્તાત્મક તેમ જ નિબંધાત્મક રેખાચિત્રોથી નિરૂપી આપ્યાં છે તેનું ગદ્યચિત્રો લેખે

તેમ દસ્તાવેજી પણ ઘણું મૂલ્ય છે. 'બંદા' ઉપનામથી 'નવગુજરાત'માં એમણે ગુજરાતના રાજકીય-સામાજિક જીવનને કેન્દ્રમાં રાખીને કરેલાં ટૂંકાં વ્યક્તિચિત્રો ને લઘુ લેખોના બે સંગ્રહો 'મનમાં આવ્યું' (૧૯૬૧) અને 'તરણાની ઓથ મને ભારી' (૧૯૬૩)માં એમની ઉત્તમ કટાક્ષશક્તિનો પરિચય મળે છે.

નાટક અને રંગભૂમિના સ્વરૂપ ને ઇતિહાસને લગતા તથા નાટ્યકારો ને નાટ્યકૃતિઓ વિશે ૧૯૪૦થી લખાતા રહેલા એમના અનુભવમૂલક ને અભ્યાસપૂર્ણ વિવેચનલેખો 'કાયા લાકડાની, માયા લૂગડાની' (૧૯૬૩) તથા 'નાટક વિશે' (સં. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, રાધેશ્યામ શર્મા, પ્રકાશ શાહ, ૧૯૭૪)માં ગ્રંથસ્થ થયાં છે. એમના લગભગ દરેક વાર્તાસંગ્રહમાં પ્રસ્તાવના રૂપે, વાર્તાવિવેચનના લેખો પણ છે. દલાલનું આ નાટ્ય-વાર્તાવિવેચન એમાંની નિજી દૃષ્ટિથી ને સર્જકની હેસિયતથી થયેલી વિચારણાથી જુદું તરી આવે છે.

જયંતિ દલાલની એક અભ્યાસી અનુવાદક તરીકેની સેવાઓ પણ નોંધપાત્ર છે. જ્યૉર્જ ઑરવેલની 'ધી ઍનિમલ ફાર્મ' (અનુ. 'પશુરાજ્ય', ૧૯૪૭), ટૉલ્સ્ટૉયની 'વૉર ઍન્ડ પીસ' (અનુ. 'યુદ્ધ અને શાંતિ'(૧ થી ૪), ૧૯૫૪-૧૯૫૬), ચાર્લ્સ ડિકન્સની 'ગ્રેટ ઍક્સ્પેક્ટેશન' (અનુ. 'અને આશા બહુ લાંબી', ૧૯૬૪) આદિ નવલકથાઓ; ગ્રીક નાટ્યકાર એસ્કાઇલસનું 'ઍગેમેમ્નોન' (અનુ. ઍગેમેમ્નોન, ૧૯૬૩) આદિ નાટકો ને કેટલાંક જીવનચરિત્રો એમ કુલ ૪૨ પુસ્તકોના અનુવાદ એમણે કર્યા છે. સાતત્યથી તેમ જ પૂરી ચીવટથી અને ઊંડી નિષ્ઠાથી અનુવાદ-પ્રવૃત્તિ ચલાવી, જગતની ઉત્તમ સર્જનાત્મક કૃતિઓને ગુજરાતીમાં ઉતારવાનો પડકાર એમણે ઝીલેલો.

સંદર્ભ : ૧. જયંતિ દલાલ, પ્રફુલ્લ રાવળ, ૧૯૭૯; ૨. જયંતિ દલાલ, રઘુવીર ચૌધરી, ૧૯૮૧; ૩. સાહિત્યકાર જયંતિ દલાલ, સી. એચ. ગાંધી 'સુહાસી', ૧૯૭૮; ☐ ૪. કુમાર, સપ્ટેમ્બર ૧૯૭૦.

'દ્વિરેફ' : જુઓ પાઠક, રામનારાયણ વિશ્વનાથ.

નીલકંઠ, મહીપતરામ રૂપરામ [જ. ૩-૧૨-૧૮૨૯ – અવ. ૩-૯-૧૮૯૧] : કેળવણીકાર, સુધારક, નવલકથાકાર, ચરિત્રકાર. સુરતના વડનગરા નાગર. સુરતની ગામઠી શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવી ત્યાંની સરકારી અંગ્રેજી શાળામાં અભ્યાસ કર્યો અને ત્યાં જ ૧૮૫૧માં મદદનીશ શિક્ષક તરીકે જોડાયા. એ પછી ૧૮૫૨માં મુંબઈ જઈ ઍલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટના હાઈસ્કૂલ વિભાગમાં દાખલ થયા ને ૧૮૫૪માં ત્યાં શિક્ષક નિમાયા. ૧૮૫૭માં

અમદાવાદની માધ્યમિક શાળાના મુખ્ય શિક્ષક ને એ પછી નિરીક્ષક બન્યા એ દરમ્યાન ૧૮૫૯માં 'હોપ વાચનમાળા' સમિતિના સભ્ય તરીકે પસંદગી પામેલા મહીપતરામને ટ્રેનિંગ કૉલેજોનો અનુભવ લેવા સરકારે ૧૮૬૦માં ઇંગ્લૅંડ મોકલ્યા. ત્યાંથી આવીને ૧૮૬૧થી અમદાવાદની પ્રે. રા. ટ્રેનિંગ કૉલેજના નિવૃત્તિપર્યંત આચાર્ય રહ્યા.

છેક ૧૮૫૦માં 'પરહેજગાર' નામના પત્રનું સંપાદન કરી ચૂકેલ મહીપતરામે ૧૮૬૨થી કેટલાંક વર્ષો સુધી 'ગુજરાત શાળાપત્ર'ના સંપાદક તરીકે રહી મહત્ત્વની કામગીરી બજાવેલી. ૧૮૮૫માં એમને સી. આઈ. ઈ.નો સરકારી ઇલકાબ મળેલો. 'પ્રાર્થના સમાજ' અને 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' જેવી અનેક સંસ્થાઓમાં મંત્રી ને પ્રમુખ તરીકે તેમ જ સક્રિય કાર્યકર તરીકે ને અમદાવાદ મ્યુનિસિપાલિટીના કમિશનર અને ચૅરમૅન તરીકે પણ એમણે સેવાઓ આપેલી. અવસાન અમદાવાદમાં.

ગુજરાતી સાહિત્યનો પ્રથમ પ્રવાસગ્રંથ ગણાયેલી એમની કૃતિ 'ઇંગ્લાંડની મુસાફરીનું વર્ણન' (૧૮૬૨)માં ઇંગ્લૅંડનાં પ્રસિદ્ધ સ્થળોના પરિચય ઉપરાંત ત્યાંની તત્કાલીન રાજકીય-સામાજિક-શૈક્ષણિક સ્થિતિનું મુગ્ધ પ્રશંસામૂલક આલેખન થયેલું જોવા મળે છે. 'ઉત્તમ કપોળ કરસનદાસ મૂળજી' (૧૮૭૭) સમાનધર્મા મિત્ર કરસનદાસના જાહેરજીવનને મૂલવતું, નર્મ-મર્મની ચમકવાળું, સરળ અને રસભરી શૈલી ધરાવતું ગુજરાતી સાહિત્યનું નોંધપાત્ર ચરિત્ર છે. 'મહેતાજી દુર્ગારામ મંછારામ ચરિત્ર' (૧૮૭૯)ની પ્રધાન સામગ્રી દુર્ગારામની રોજનીશી હોવા છતાં મહેતાજીનું ચરિત્ર ઊભું થાય એવી મૂલ્યાંકનરીતિ એમણે પ્રયોજી છે. 'પાર્વતીકુંવર આખ્યાન' (બીજી આ. ૧૮૮૧) પત્નીનું ગુણદર્શી ચરિત્ર આલેખતી ગદ્યકૃતિ છે. 'અકબરચરિત્ર' (બીજી આ. ૧૮૮૭) એમનું ઇતિહાસવિષયક ચરિત્ર છે.

ગુજરાતી સાહિત્યની પ્રારંભકાળની, પ્રાથમિક સ્વરૂપની, પણ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વની, મહીપતરામની ત્રણ નવલકથાઓમાંથી 'સાસુવહુની લડાઈ' (૧૮૬૬)માં હિન્દુ કુટુંબજીવનનાં પાત્રો, એમના સ્વભાવ અને પ્રસંગોનું હાસ્યની છાંટવાળું નિરૂપણ છે. તત્કાલીન લગ્નગીતોનો અને દંતકથાઓનો વિનિયોગ સાધતી એમની બન્ને ઐતિહાસિક નવલકથાઓ 'સધરા જેસંગ' (૧૮૮૦) અને 'વનરાજ ચાવડો' (૧૮૮૧) કેવળ પ્રસંગ-વર્ણનો આપતી કથાઓ જેવી છે. પોતાની લાંબી પ્રસ્તાવનામાં લોકકલાના એક સ્વરૂપ લેખે ભવાઈની પુનઃસ્થાપનાની ઇચ્છા વ્યક્ત કરતા મહીપતરામે આપેલો, ભવાઈના

ઓગણીસ વેશોનો, સર્વપ્રથમ સંકલનરૂપ* 'ભવાઈસંગ્રહ' એમની અગત્યની સાહિત્યસેવા છે. કોલંબસ, ગેલેલીઓ, ન્યૂટન વગેરેનાં જીવનવૃત્તાંતો નિરૂપતું 'ચરિત્રનિરૂપણ' (૧૮૫૬) તથા નાનાભાઈ હરિદાસ સાથે મળીને એમણે કરેલું ચેમ્બરના પુસ્તકનું ભાષાન્તર બોધક છે. 'ગુજરાતી ભાષાનું નવું વ્યાકરણ' (૧૮૮૩) અને 'વ્યુત્પત્તિપ્રકાશ' (૧૮૮૯) એ શાળોપયોગી ગ્રંથો છે. આ ઉપરાંત, શિક્ષણ, ભૂગોળ, ખગોળ, ભૂસ્તરવિદ્યા, વિજ્ઞાન, વૈદક આદિ વિષયો ઉપરનાં એમનાં પુસ્તકો પૈકી મોટા ભાગનાં ભાષાંતરિત ને વિદ્યાર્થીઉપયોગી છે.

સંદર્ભ : ૧. ગત શતકનું સાહિત્ય, વિજયરાય ક. વૈદ્ય, ૧૯૫૯; ૨. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ૩, સં. ઉમાશંકર જોશી વગેરે, ૧૯૭૮; ૩. ગુજરાતી સાહિત્યની રૂપરેખા : ૨, વિજયરાય ક. વૈદ્ય, ૧૯૬૭ સંવર્ધિત આ.; ૪. ગ્રંથ અને ગ્રંથકાર : સં. હીરાલાલ ત્રિ. પારેખ, ૧૯૩૭; ૫. ભવાઈ (અંગ્રેજીમાં), સુધા આર. દેસાઈ, ૧૯૭૨; ૬. સાઠીના સાહિત્યનું દિગ્દર્શન, ડાહ્યાભાઈ પી. દેરાસરી, ૧૯૧૧.

પાઠક, રામનારાયણ વિશ્વનાથ, 'દ્વિરેફ', 'શેષ', 'સ્વૈરવિહારી' [જ. ૮-૪-૧૮૮૭ – અવ. ૨૧-૮-૧૯૫૫] : વિવેચક, વાર્તાકાર, કવિ, નિબંધકાર, પિંગળશાસ્ત્રી. જન્મ ગાણોલ(તા. ધોળકા)માં પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં. પિતા વિશ્વનાથ સદારામ પાઠક સંસ્કૃતના વિદ્વાન હતા અને કેટલીક ધાર્મિક કૃતિઓના અનુવાદ તેમણે કરેલા. માતા આદિત્યબાઈ. પ્રથમ પત્ની મણિગૌરીનું ઈ. ૧૯૧૮માં અવસાન થયા પછી લાંબો સમય વિધુરાવસ્થા ભોગવી ઈ.૧૯૪૫માં યુવાન શિષ્યા હીરા (ક. મહેતા) સાથે લગ્ન કર્યું, જે ઘટનાએ તત્કાળ થોડો સંક્ષોભ જન્માવેલો. પણ પછી આ લગ્ન વિરલ દામ્પત્યનો નમૂનો બની રહ્યું. દસ વર્ષના દામ્પત્યને અંતે મુંબઈમાં એમનું અવસાન થયું.

શિક્ષકની નોકરી કરતા પિતાની બદલીઓને કારણે રામનારાયણનું પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ વિવિધ ગામોમાં થયું. ઉચ્ચ શિક્ષણ પણ ભાવનગર તેમ જ મુંબઈમાં. મુંબઈમાંથી તર્કશાસ્ત્ર અને દર્શનશાસ્ત્ર સાથે બી. એ. (૧૯૦૮). વિદ્યાકીય ક્ષેત્રમાં કામ કરવાની ભાવના છતાં સરકારી નોકરી ન કરવાના સંકલ્પને કારણે મુંબઈમાં એલએલ. બી. થયા (૧૯૧૧). અમદાવાદ આવી વકીલાત શરૂ કરી પણ ક્ષયરોગનું નિદાન થતાં ટૂંક સમયમાં જ સાદરામાં સ્થિર થયા (૧૯૧૨). પર્યાપ્ત આર્થિક જોગવાઈ થયે વકીલાત છોડી શેષ જીવન શિક્ષણ અને સાહિત્યની સેવામાં ગાળવાનો નિર્ણય

કરેલો, પણ પત્નીના અકાળ અવસાન પછી ૧૯૧૯ના અંતે ટાઇફૉઇડની માંદગી નિમિત્તે વકીલાત આટોપી લીધી. ૧૯૨૦માં ઇન્દુલાલ યાજ્ઞિકના નિમંત્રણથી ગુજરાત કેળવણી મંડળમાં જોડાઈ જે. એલ. ન્યૂ ઇંગ્લિશ સ્કૂલનું આચાર્યપદ સંભાળ્યું, પરંતુ ગાંધીજીના અસહકારના આંદોલનનાં મંડાણ થતાં, શાળા છોડી ૧૯૨૧માં ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. ૧૯૨૮ સુધી વિવિધ વિદ્યાશાખાઓના તેજસ્વી વિદ્વાનોના સંપર્કમાં પ્રમાણશાસ્ત્ર અને ભાષા-સાહિત્યના અધ્યાપક તરીકે કામ કર્યું. ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપક તરીકે તેમ જ 'પ્રસ્થાન' માસિકના તંત્રીપદ (૧૯૨૫-૧૯૩૭) દ્વારા રામનારાયણ ગુજરાતની નવી સાહિત્યકાર પેઢીના એવા માર્ગદર્શક બન્યા કે એ 'ગાંધીયુગના સાહિત્યગુરુ' તરીકે ઓળખાયા. વિદ્યાપીઠ છોડ્યા પછી 'પ્રસ્થાન'ની નિઃશુલ્ક સેવા કરતા રામનારાયણે ખાનગી ટ્યૂશનોથી આજીવિકા ચલાવી ને ગાંધીજીના વિવિધ સત્યાગ્રહોમાં ભાગ લઈ, એક વખત જેલ પણ વેઠી. રામનારાયણ ૧૯૩૫માં મુંબઈની એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે જોડાયા તે પછી ૧૯૫૨ સુધી અમદાવાદની એલ. ડી. આર્ટ્સ કૉલેજ તથા ગૂજરાત વિદ્યાપીઠ, મુંબઈની ભવન્સ કૉલેજ તથા ભારતીય વિદ્યાભવન એ સંસ્થાઓમાં જુદેજુદે સમયે સેવા આપતા રહ્યા. ૧૯૫૩માં આકાશવાણી મુંબઈના સલાહકાર નિમાયા ત્યારથી મૃત્યુપર્યંત એ કામ સંભાળ્યું.

કુટુંબમાંથી કાવ્યસંસ્કારો પ્રાપ્ત કરનાર ને વિદ્યાભ્યાસે તત્ત્વવિદ્ રામનારાયણ કલા તેમ જ શાસ્ત્ર ઉભય ક્ષેત્રની પ્રતિભા ધરાવતા હતા. પરંતુ ગુજરાતી સાહિત્યમાં એ વિવેચક તરીકે વધુ પ્રતિષ્ઠિત છે અને તેમની સાહિત્યિક કારકિર્દી પણ ૧૯૨૧-૨૨માં લખાયેલા અને ૧૯૨૨માં 'સાબરમતી'ના પહેલા અંકમાં પ્રસિદ્ધ થયેલા 'કવિ બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયાનાં કાવ્યો' એ વિવેચનલેખથી અને એ જ અરસામાં 'યુગધર્મ'માં લખાયેલાં અવલોકનોથી આરંભાય છે. 'અર્વાચીન ગુજરાતી કાવ્યસાહિત્ય' (૧૯૩૩), 'નર્મદાશંકર કવિ' (૧૯૩૬)ને સમાવી લેતો 'નર્મદ : અર્વાચીન ગદ્યપદ્યનો આદ્ય પ્રણેતા' (૧૯૪૫), 'અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો' (૧૯૩૮), 'કાવ્યની શક્તિ' (૧૯૩૯), 'સાહિત્યવિમર્શ' (૧૯૩૯), 'આલોચના' (૧૯૪૪), 'સાહિત્યાલોક' (૧૯૫૪), 'નભોવિહાર' (૧૯૬૧) અને 'આકલન' (૧૯૬૪) એ ગ્રંથોમાં સંઘરાયેલા લેખો દર્શાવે છે કે રામનારાયણનું ઘણું ગ્રંથાવલોકનકાર્ય જેમ 'યુગધર્મ' અને 'પ્રસ્થાન'ને નિમિત્તે થયું છે તેમ અન્ય કેટલુંક વિવેચનકાર્ય વ્યાખ્યાનો ને સંપાદનોને નિમિત્તે થયું છે. આમાંથી 'અર્વાચીન ગુજરાતી કાવ્યસાહિત્ય', 'અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો' અને

'નભોવિહાર' ગુજરાતી કાવ્યસાહિત્યની ઐતિહાસિક સમાલોચના આપતા ગ્રંથો તરીકે જુદા તરી આવે છે. ગુજરાતી કવિતાની પદ્યરચનાના ઇતિહાસને તપાસતા 'અર્વાચીન ગુજરાતી કાવ્યસાહિત્ય'માં ગુજરાત વિદ્યાસભા તરફથી સોંપાયેલાં ૭ વ્યાખ્યાનોમાંથી ત્રણ વ્યાખ્યાનોની સામગ્રી રજૂ થઈ છે તે જોતાં મુંબઈ યુનિવર્સિટીનાં ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનોને સમાવતા 'અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો'માં એનું અનુસંધાન જોઈ શકાય. 'કાવ્ય સમુચ્ચય ભાગ : ૨' (૧૯૨૪)ની ભૂમિકા રૂપે કવિઓના વ્યક્તિગત પ્રદાનને અનુલક્ષીને જે પરિચયાત્મક ઇતિહાસ અપાયો હતો, તેનાથી વિવિધ પાસાંઓને અનુલક્ષીને પ્રવાહદર્શન ને વિકાસનિરૂપણની રીતે થયેલું આ આલેખન આગળ જાય છે અને રામનારાયણની સમગ્રદર્શનની એક વિશેષ શક્તિ પ્રગટ કરે છે. 'નભોવિહાર'માં મધ્યકાળનો સર્જકલક્ષી અને અર્વાચીન-કાળનો સ્વરૂપલક્ષી પરિચય છે તે આકાશવાણી વાર્તાલાપની સરળતા ને લોકગમ્યતા છતાં ઘણાં નોંધપાત્ર નિરીક્ષણો પણ ગૂંથી લે છે. સુરત અને મુંબઈ ખાતે અપાયેલાં બે વ્યાખ્યાનોને સમાવતો 'નર્મદ: અર્વાચીન ગદ્યપદ્યનો આદ્ય પ્રણેતા' એ ગ્રંથ ઇતિહાસલક્ષી દૃષ્ટિએ અને બારીકાઈથી થયેલા સર્જક-અભ્યાસના નમૂનારૂપ છે. 'પૂર્વાલાપ'ના સંપાદન(૧૯૨૬)માં મુકાયેલા કાન્ત અને તેની કવિતાના સઘન અભ્યાસ પછીનો આ પ્રયત્ન એની સર્વગ્રાહિતાથી ધ્યાન ખેંચનારો બને છે.

'કાવ્યની શક્તિ' અને 'સાહિત્યવિમર્શ'માં અન્ય લેખોની સાથે 'યુગધર્મ'-'પ્રસ્થાન' નિમિત્તે થયેલાં ગ્રંથાવલોકનો સંઘરાયાં છે તે સંક્ષિપ્ત છતાં કૃતિના હાર્દને પ્રગટ કરનારાં છે અને રામનારાયણનો સર્જાતા સાહિત્ય સાથેનો સહૃદયતા ને સૂઝભર્યો સંબંધ સૂચવે છે. આ ઉપરાંત પણ એમણે કૃતિસમીક્ષાઓ આપી છે, જેમાંથી 'નળાખ્યાન', 'સરસ્વતીચંદ્ર', 'રાઈનો પર્વત', 'આપણો ધર્મ,' વિશ્વગીતા' વગેરે વિશેના સર્વાંગી અભ્યાસ રજૂ કરતા નિબંધો રામનારાયણની મૌલિક વિવેચનદષ્ટિથી ખાસ લક્ષ ખેંચે છે. 'શરદસમીક્ષા' (૧૯૮૦)માં સંઘરાયેલી શરદબાબુની કૃતિઓના અનુવાદોની તથા રવીન્દ્રનાથની કૃતિઓના અનુવાદોની પણ, રામનારાયણે લખેલી પ્રસ્તાવનાઓ ઇતર ભાષાની કૃતિઓની સમીક્ષા તરીકે ધ્યાનાર્હ છે. 'કાવ્યપરિશીલન'(૧૯૬૫)માં એમના કેટલાક વિદ્યાર્થીભોગ્ય આસ્વાદો પણ ગ્રંથસ્થ થયા છે.

રામનારાયણનું પ્રવાહદર્શન, સર્જક-અભ્યાસ, કૃતિસમીક્ષા કે પ્રત્યક્ષ વિવેચનની નાનકડી નોંધ પણ કોઈ રીતે કશોક નવો પ્રકાશ પાડનાર હોય છે. કેમકે રામનારાયણના પ્રત્યક્ષ વિવેચનને પ્રગટ યા પરોક્ષ તત્ત્વવિચારની ભૂમિકા

સાંપડેલી હોય છે. 'કાવ્યની શક્તિ' એ લેખમાં પોતાનાં મૂળભૂત સર્વ પ્રતિપાદનો રજૂ કરી દેતો અને અન્ય લેખોમાં વિસ્તરતો રહેલો રામનારાયણનો સાહિત્યતત્ત્વવિચાર સાહિત્યમાં ઊર્મિ કે વિચારનું એકાન્તિક મહત્ત્વ કરવાને સ્થાને 'લાગણીમય વિચાર' કે 'રહસ્ય'ને કેન્દ્રરૂપે સ્થાપે છે અને એમાં સાહિત્યની એક કલા તરીકેની સ્વાયત્તતાના સ્વીકાર સાથે જીવન, સત્ય, નીતિ વગેરે સાથેના એના સંબંધોની માર્મિક છણાવટ છે. રામનારાયણની વિવેચનામાં કાવ્યની વર્ણરચનાથી માંડીને સાહિત્યકૃતિની સમગ્ર આકૃતિની તપાસ છે, ખંડકાવ્યાદિ સાહિત્યપ્રકારોની દ્યોતક વિચારણા છે અને જીવન ને ઇતિહાસના વિશાળ સંદર્ભમાં થયેલું સાહિત્યચિંતન પણ છે. રામનારાયણે સંસ્કૃત કાવ્યવિચારને સવિશેષપણે ઝીલ્યો છે અને એને આજના સંદર્ભમાં નવેસરથી ઘટાવી એની ઉપયુક્તતા સ્થાપિત કરી છે. પણ યુરોપીય કાવ્યવિચારનોયે લાભ લેવાનું એ ચૂકયા નથી. પ્રમાણશાસ્ત્રી રામનારાયણનું વિવેચન, તર્કની ઝીણવટ છતાં સમુચિત દૃષ્ટાંતોના વિનિયોગથી ને પારદર્શક ગદ્યશૈલીથી સદ્યોગમ્ય બને છે.

રામનારાયણે ઘણાં સંપાદનોમાં પણ ઉપોદ્ઘાત કે ટિપ્પણ રૂપે પ્રત્યક્ષ વિવેચન કર્યું છે. 'પૂર્વાલાપ'ની સટિપ્પણ આવૃત્તિ, ઉમાશંકર જોશી સાથે સંપાદિત કરેલા આનંદશંકર ધ્રુવના 'કાવ્યતત્ત્વવિચાર' (૧૯૩૯), સાહિત્ય વિચાર' (૧૯૪૨), 'દિગ્દર્શન' (૧૯૪૨) 'વિચાર માધુરી : ૧' (૧૯૪૬) એ ગ્રંથો, પોતે સંપાદિત કરેલ આનંદશંકર ધ્રુવના 'આપણો ધર્મ'ની ત્રીજી આવૃત્તિ (૧૯૪૨) તથા ગોવર્ધન પંચાલ સાથે સંપાદિત કરેલ 'રાસ અને ગરબા' (૧૯૫૪)માં રામનારાયણના નાના યા મોટા ઉપોદ્ઘાતો છે. નરસિંહ મહેતાને નામે ચડેલા 'ગોવિંદગમન'નું નરહરિ પરીખ સાથે કરેલું સટીક સંપાદન (૧૯૨૩) પાઠ્યક્રમની જરૂરિયાતને વશ વર્તીને થયેલું, પરંતુ એવા જ હેતુથી થયેલાં 'કાવ્યસમુચ્ચય ભાગ, ૧ અને ૨' (સટીક, ૧૯૨૪) તથા 'કાવ્યપરિચય ભા. ૧ અને ૨' (નગીનદાસ પારેખ સાથે, ૧૯૨૮)નાં સંપાદનો ગુજરાતી કવિતાના ચોક્કસ દૃષ્ટિપૂર્વકના સંચય લેખે લાંબો સમય ઉપયોગી નીવડેલાં. આ સિવાય પણ રામનારાયણે અન્યોની સાથે કેટલાંક શાલેય વગેરે સંકલનો કર્યાં છે.

મમ્મટકૃત 'કાવ્યપ્રકાશ : ઉલ્લાસ ૧ થી ૬'નો રસિકલાલ પરીખ સાથે કરેલો અનુવાદ (૧૯૨૪) એક પ્રમાણભૂત ને પ્રાસાદિક અનુવાદ લેખે તેમ જ થોડી પણ ચાવીરૂપ પરિભાષા આદિને સ્ફૂટ કરી આપતાં ટિપ્પણોને કારણે ચોક્કસ મૂલ્ય ધરાવે છે અને લેખકોની સંસ્કૃત કાવ્યશાસ્ત્રની સજ્જતાને પ્રગટ કરે છે.

કાવ્યમર્મજ્ઞ તરીકે ‘અર્વાચીન ગુજરાતી કાવ્ય સાહિત્ય'થી જ છંદો-વિધાનમાં વિકટ રસ લઈ રહેલા રામનારાયણને એમની શાસ્ત્રબુદ્ધિ પિંગળ-ચર્ચા તરફ સ્વાભાવિક રીતે જ લઈ જાય છે. ‘પ્રાચીન ગુજરાતી છંદો – એક ઐતિહાસિક સમાલોચના’ (૧૯૪૮) અપભ્રંશકાળથી દયારામ સુધીની પદ્ય-રચનાની શાસ્ત્રીય સમીક્ષા આપી, કે. હ. ધ્રુવની ‘પદ્યરચનાની ઐતિહાસિક આલોચના’નો પૂરક ગ્રંથ બને છે. તે ઉપરાંત એમાં દેશીઓને પિંગળબદ્ધ કરવાનો પ્રથમ સમર્થ પ્રયાસ થયેલો છે તે એની વિશેષતા છે. મહારાજા સયાજીરાવ ત્રીજા સુવર્ણ મહોત્સવ સ્મારક વ્યાખ્યાનમાળાના આશ્રયે ૧૯૫૧માં આપેલાં ત્રણ વ્યાખ્યાનો ‘ગુજરાતી પિંગળ નવી દૃષ્ટિએ’ (૧૯૫૨) ‘બૃહત્ પિંગલ’ (૧૯૫૫)ના પૂર્વસારરૂપ છે. પણ રામનારાયણની વિકસતી જતી ને વિશદ બનતી જતી છંદોવિચારણા એમાં જોઈ શકાય છે. સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત ‘બૃહત્ પિંગલ’ તો વેદકાળથી આધુનિક સમય સુધીના – ડિંગળ, હિંડી, ગઝલ, બ્લૅન્ક વર્સ વગેરે સમેત – છંદોનો ઇતિહાસ, છંદોનાં સ્વરૂપ અને એમનાં આંતરબાહ્ય કલેવરમાં થયેલા ફેરફારો, છંદના માત્રા, યતિ આદિ ઘટકોની કેટલીક કૂટ સમસ્યાઓ, વિવિધ છંદોની ક્ષમતાઓ વગેરે સર્વ બાબતોને શાસ્ત્રીય ભૂમિકાએ સૂક્ષ્મતાથી ને સવીગત, સાધકબાધક દલીલો સાથે ચર્ચતો એક શકવર્તી આકરગ્રંથ બની રહે છે. ચાર પ્રકરણે અધૂરા રહેલા અને ચિમનલાલ ત્રિવેદી તથા કાન્તિલાલ કાલાણી દ્વારા પૂરા થયેલા ‘મધ્યમ પિંગળ’ (૧૯૮૧)માં કાવ્યના અભ્યાસીઓ અને વિદ્યાર્થીઓને ઉપયોગી થાય એ હેતુથી આ જ વિષયની સરળ સંક્ષિપ્ત રજૂઆત થયેલી છે.

સર્જક તરીકે રામનારાયણે કવિતા, નાટક, વાર્તા, નિબંધ એમ વિવિધ ક્ષેત્રે કામ કર્યું છે, તેમાં નાટકના ક્ષેત્રમાં એ વિદ્યાલયોની તો વાર્તા-નિબંધનાં ક્ષેત્રોમાં ‘યુગધર્મ’-‘પ્રસ્થાન’ની જરૂરિયાતને લઈને ખેંચાયા હતા. કવિતા એમનો સ્વતઃસંભવી વ્યાપાર કહેવાય. ૧૯૨૧માં ‘જાત્રાળુ’ ઉપનામથી લખેલા ‘રાણકદેવી’થી એમની કાવ્યયાત્રાનો આરંભ થયો તે છેક ૧૯૫૫માં લખાયેલા ‘સાલમુબારક’ સુધી ચાલુ રહ્યો. પહેલા કાવ્યના ‘જાત્રાળુ’ અને પછીથી એક વખત પ્રયોજાયેલા ‘ભૂલારામ’ સિવાય રામનારાયણે કાવ્યો પરત્વે ‘શેષ’ ઉપનામ જ રાખ્યું અને પહેલા કાવ્યસંગ્રહને ‘શેષનાં કાવ્યો’ (૧૯૩૮) એવું નામ આપ્યું. પહેલી આવૃત્તિમાં માત્ર ૬૭ ને બીજી આવૃત્તિ (૧૯૫૧)માં ૭૩ જેટલાં કાવ્યો ને થોડાંક પ્રકીર્ણ મુક્તકો આદિને સમાવતો આ સંગ્રહ વિષયના વૈવિધ્યથી નહીં પણ રૂપબંધ, છંદોવિધાન, શૈલી અને કાવ્યબાનીના વૈવિધ્યથી ધ્યાન ખેંચે છે. ગુજરાતી પ્રાક્તન અને અદ્યતન કાવ્યપરંપરામાં

પોતીકા પ્રયોગો કરનાર ‘શેષ’ની કવિતા સભાન ઘડતરનું પરિણામ હોઈ ‘કાવ્યજ્ઞની કવિતા'' તરીકે ઓળખાઈ છે. ‘શેષ' ગાંધીયુગને અનુરૂપ જીવનની મંગલતાનું ગંભીર ગાન કરે છે, તે સાથે હાસ્યકટાક્ષવિનોદની રચનાઓ આપે છે, પ્રસન્ન દામ્પત્યનાં રસિકચાતુર્યભર્યા સંવાદો રચે છે તે સાથે વિરહના શાંત કરુણ સૂરો પણ રેલાવે છે, સ્વભાવોક્તિ સમાં વાસ્તવચિત્રણો કરે છે તેમ ઉપમાચિત્રોની કલ્પનારંગી શૈલી પણ યોજે છે, સૂક્ષ્મ ચિંતનાત્મકતાની સાથે ઊંડી ભાવાર્દ્રતા વ્યક્ત કરે છે અને આ રીતે કવિતામાં પોતાની આગવી મુદ્રા અંકિત કરે છે. ‘શેષનાં કાવ્યો’ની ૧૭ રચનાઓ ઉપરાંત બીજાં ૪૦ કાવ્યોને સમાવતો મરણોત્તર સંગ્રહ ‘વિશેષ કાવ્યો' (૧૯૫૯) ‘શેષ’ની સર્વ લાક્ષણિકતાઓ જાળવી રાખવા સાથે ‘તુકારામનું સ્વર્ગારોહણ’ જેવા ખંડકાવ્યના નૂતન પ્રયોગને કારણે ધ્યાનાર્હ બને છે.

કવિતાની જેમ વાર્તામાં પણ પ્રયોગશીલતા દાખવનાર રામનારાયણનું વાર્તાક્ષેત્રે ઐતિહાસિક પ્રદાન છે. ૧૯૨૩ લગભગથી ‘દ્વિરેફ’ના નામે વાર્તા લખતા થયેલા અને ત્રણ સંગ્રહોમાં કુલ ૪૦ વાર્તા આપનાર રામનારાયણનો પ્રથમ વાર્તાસંગ્રહ ‘દ્વિરેફની વાતો ભા. ૧' (૧૯૨૮) ધૂમકેતુના ‘તણખા-મંડળ-૧' (૧૯૨૬)ની સાથે ગુજરાતી ટૂંકી વાર્તાના સ્વરૂપની દૃઢ ભૂમિકા રચી આપી એક મહત્ત્વનું સીમાચિહ્ન બની રહે છે. બહુધા ૧૯૪૧ સુધી વાર્તા લખતા રહેલા રામનારાયણના પછીના સંગ્રહો છે ‘દ્વિરેફની વાતો ભા. ૨' (૧૯૩૫) અને દ્વિરેફની વાતો ભા. ૩' (૧૯૪૨; સંવર્ધિત ત્રીજી આવૃત્તિ, ૧૯૬૧). પોતાની રચનાઓને ‘વાતો' તરીકે ઓળખાવી લેખકે કોયડાઓ, કિસ્સાઓ, દૃષ્ટાંતો, પરિસ્થિતિચિત્રણો આદિને સમાવી લેવાની અને ગદ્યકાવ્યની શૈલીથી માંડીને ‘દૃશ્યશૈલી' (નાટ્યાત્મક રચના) સુધીની જાતભાતની કથનરીતિને પ્રયોજવાની મોકળાશ મેળવી લીધી છે તે નોંધપાત્ર છે. વિશાળ જીવનમાં શોધેલાં અનેકવિધ માનવપરિસ્થિતિઓ અને જીવનમર્મો, પરિસ્થિતિનું વાસ્તવનિષ્ઠ ને વીગતપૂર્ણ આકલન, મનોવૈજ્ઞાનિક અભિગમ તથા વાર્તાનું આવેગરહિત ઘડતર એ ‘દ્વિરેફ’ની વાર્તાકાર તરીકેની લાક્ષણિકતાઓ છે અને ‘મુકુન્દરાય’, ‘ખેમી’ જેવી એમની કેટલીક વાર્તાઓ ભારે પ્રભાવક બનેલી છે.

રામનારાયણનું નાટ્યસર્જન વિદ્યાર્થીઓને ભજવવા માટેની કૃતિઓ પૂરી પાડવા માટે થયેલું હોઈ કેવળ પ્રાસંગિક છે. અનુવાદિત નાટ્યરચનાઓ અને નાટ્યાંશોને પણ સમાવતા મરણોત્તર સંગ્રહ ‘કુલાંગાર અને બીજી કૃતિઓ' (૧૯૫૯)માં અનુક્રમે સામાજિક અને મનોવૈજ્ઞાનિક સમસ્યા લઈને

આવતી 'કુલાંગર' તથા 'દેવી કે રાક્ષસી?' બે નોંધપાત્ર મૌલિક રચનાઓ છે તે આ પૂર્વે 'દ્વિરેફની વાતો ભા. ૩'માં ગ્રંથસ્થ થઈ ચૂકેલી.

'પ્રસ્થાન'ના પ્રકાશન અંગે હળવી શૈલીએ થયેલાં ખુલાસારૂપ લખાણો વાચકોને ગમી જવાથી આવા લખાણને સામયિકનું એક નિયમિત અંગ બનાવી રામનારાયણે 'સ્વૈરવિહારી'ના નામથી લખવા માંડેલું, તેના બે સંગ્રહો 'સ્વૈરવિહાર ભા. ૧' (૧૯૩૧) અને 'સ્વૈરવિહાર ભા. ૨' (૧૯૩૭) થયા છે. 'સ્વૈરવિહાર' નામને અનુરૂપ રીતે આ લખાણોમાં વિષયવસ્તુ તેમ જ નિરૂપણશૈલી બંને પરત્વે લેખકે કોઈપણ બંધનો સ્વીકાર્યાં નથી અને સાહિત્ય, સમાજ, ધર્મ, રાજકારણ, કેળવણી, મનુષ્યસ્વભાવ વગેરે સર્વ વિષયો અંગેની ટૂચકાથી માંડીને નિબંધ પ્રકાર સુધીની રચનાઓ આપી છે. ક્યાંક-ક્યાંક પ્રાસંગિકતા, વિશૃંખલતા અને હેતુલક્ષિતા પ્રગટ કરતાં આ લખાણો ઉપહાસ, કટાક્ષ, કરુણા, રોષ આદિ વિવિધ ભાષાચ્છટાઓ, તાર્કિક ને વાચિક વિલક્ષણ અભિવ્યક્તિપ્રયોગો તથા લેખકની તીક્ષ્ણ બૌદ્ધિક્તા, સૂક્ષ્મ સંવેદનશીલતા ને રમતિયાળ કલ્પકતાએ કરીને ગુજરાતી નિબંધસાહિત્યમાં પોતાનું ચોક્કસ સ્થાન મેળવી લે છે.

રામનારાયણ માત્ર સાહિત્યના નહીં, પણ વિશાળ જીવનના ઉપાસક છે. એમના વિવેચન-સંગ્રહોમાંયે કલા અને સંસ્કારની વિવિધ પ્રવૃત્તિઓ વિશેનાં એમનાં વિચારચંક્રમણો થયેલાં છે, પરંતુ 'મનોવિહાર' (૧૯૫૬) એમની તેજસ્વી વિચારકતાનો વધારે ગાઢ પરિચય છે. 'મનોવિહાર'માં અનેક વિષયો પરત્વેનો રામનારાયણનો ગંભીર વિચારવિમર્શ રજૂ થયો છે. તે ઉપરાંત વ્યક્તિ-ચિત્ર, સ્થળવર્ણન વગેરે પ્રકારની રચનાઓ પણ મળે છે. આ બધું રામનારાયણના બહુમુખી વ્યક્તિત્વને પ્રગટ કરે છે.

પ્રમાણશાસ્ત્રના અધ્યાપક તરીકે તૈયાર કરેલી 'પ્રમાણશાસ્ત્રપ્રવેશિકા' (૧૯૨૨) આચારધર્મનું નિરૂપણ કરતી 'નિત્યનો આચાર' (૧૯૪૫) અને અનુવાદિત યુરોપીય વાર્તાઓનો સંગ્રહ 'ચુંબન અને બીજી વાતો' 'નગીનદાસ પારેખ સાથે, ૧૯૨૪; બીજી આવૃત્તિ 'વામા' નામે) રામનારાયણના અન્ય ઉલ્લેખનીય ગ્રંથો છે. આ સિવાય 'કાવ્યશાસ્ત્ર' અને 'આનંદમીમાંસા' પરની લેખમાળા જેવી કેટલીક ઉપયોગી સામગ્રી ગ્રંથસ્થ થવી બાકી છે.

સંદર્ભ : ૧. રામનારાયણ વિ. પાઠક, ચંદ્રકાન્ત શેઠ, ૧૯૭૮; ૨. રામનારાયણ વિ. પાઠક, વાઙ્મયપ્રતિભા, કાન્તિલાલ કાલાણી, ૧૯૮૧; ૩. રામનારાયણ વિ.

પાઠક : સર્જક અને વિવેચક, જયન્ત પાઠક, ૧૯૭૦; ☐ ૪. પ્રસ્થાન, ભાદ્રપદ-આસો, ૨૦૧૨.

'શેષ' : જુઓ પાઠક, રામનારાયણ વિશ્વનાથ.

'સ્વૈરવિહારી' : જુઓ પાઠક, રામનારાયણ વિશ્વનાથ.

૨. કૃતિ-અધિકરણો

'ઇંગ્લાંડમાં પ્રવાસ' [૧૮૬૬] : કરસનદાસ મૂળજીના આ વિસ્તૃત ગ્રંથમાં, ૧૮૬૩માં તેઓ વ્યવસાય અંગે ઇંગ્લૅંડ ગયા એ પ્રવાસનું આલેખન છે. આ પ્રવાસગ્રંથ, બાર પ્રકરણો અને પ્રત્યેક પ્રકરણમાં બારબાર મુદ્દાઓ આવરી લેતું, ચુસ્ત સ્વરૂપ ધરાવે છે. પ્રવાસની અગત્યથી આરંભી, આગબોટની મુસાફરીનાં તેમ જ લંડન શહેરના પરિવેશનાં ને ઇંગ્લૅંડનાં પ્રખ્યાત સ્થળોનાં ઝીણવટભર્યાં વર્ણનો આપવા સાથે લેખકે આ ગ્રંથમાં, શિલ્પ-સ્થાપત્ય, હુન્નર-ઉદ્યોગો, મ્યુઝિયમો અને મનોરંજનનાં માધ્યમો વિશે તથા ત્યાંની પ્રજાનાં તત્કાલીન આર્થિક-સામાજિક-રાજકીય-સાંસ્કૃતિક સંચલનો અંગે પોતાનાં નિરીક્ષણો આપીને નોંધપાત્ર સૂઝ દર્શાવી છે. ઉપરાંત તત્કાલીન હિન્દ અને ઇંગ્લૅંડની તુલનામાં સુધારક કરસનદાસની હેતુલક્ષિતા પણ સંકળાયેલી જોવા મળે છે. નિરૂપણની રોચકતા ને રસિકતા એનું જમા પાસું છે. ઇંગ્લૅંડનાં વિખ્યાત સ્થળોનાં રંગીન ચિત્રો આ ગ્રંથનું એક વિશેષ આકર્ષણ છે. આ ગ્રંથનું, કરસનદાસની સાહિત્યપ્રવૃત્તિના શિરમોર ગ્રંથ રૂપે એટલું જ ગુજરાતી પ્રવાસ-સાહિત્યની વિશિષ્ટ કૃતિ તરીકે, આગવું મૂલ્ય છે. મરાઠીમાં એનો અનુવાદ પણ થયેલો છે.

'કલાપીનો કેકારવ' : કલાપીની ૧૮૯૨થી ૧૯૦૦ સુધીની ૨૫૦ જેટલી રચનાઓને સમાવતો સર્વસંગ્રહ. કલાપીના અવસાન પછી, ૧૯૦૩માં કાન્તને હાથે એનું સૌ પ્રથમ સંપાદન-પ્રકાશન થયું એ પૂર્વે ૧૮૯૬માં કલાપીએ પોતે 'મધુકરનો ગુંજારવ' નામે, ત્યાં સુધીનાં સર્વ કાવ્યો 'મિત્રમંડળ કાજે તથા પ્રસંગે-નિમિત્તે ભેટસોગાદ તરીકે આપવા' માટે પ્રકાશિત કરવાની યોજના કરેલી પણ એ કામ અવસાનપર્યંત પૂરું પાડી ન શકાયેલું. ૧૯૩૧માં કલાપીના બીજા મિત્ર જગન્નાથ ત્રિપાઠી('સાગર') એ કાન્ત-આવૃત્તિમાં ન છપાયેલાં ૩૪ કાવ્યોને સમાવીને ૨૪૯ કાવ્યોની સંવર્ધિત ને સાટિપ્પણ આવૃત્તિ પ્રસિદ્ધ કરી. સ્વતંત્ર મુદ્રિત 'હમીરજી ગોહેલ' પણ એમાં

સમાવી લેવાયું.આ બૃહત્ સંગ્રહની ત્યાર બાદ પણ ઘણી આવૃત્તિઓ થતી રહી છે ને એમાંથી પસંદ કરેલાં કાવ્યોના કેટલાક લઘુ સંચયો પણ તૈયાર થયા છે એ કલાપીની વ્યાપક લોકચાહના સૂચવે છે.

કલાપીનું સંવેદનતંત્ર સદ્યગ્રાહી હતું એથી સાહિત્ય ને ધર્મચિંતનના અનેક ગ્રંથોના વાચન-પરિશીલનના સંસ્કારો આ કવિતાના વિષયો ને એની નિરૂપણરીતિ પર પણ ઝિલાયેલા છે. 'કેકારવ'ની પ્રકૃતિવિષયક કવિતા પર ને કલાપીની રંગદર્શી કાવ્યરીતિ પર વર્ડ્ઝવર્થ, શેલી, કીટ્સ જેવા એમના પ્રિય કવિઓની અસર પડેલી છે. આ કવિઓનાં અને ટેનિસન, ગટે, મિલ્ટન, ગોલ્ડસ્મિથ આદિનાં કાવ્યોના મુક્ત અનુવાદો ને રૂપાન્તરો તથા કેટલીક કૃતિઓનાં અનુસર્જનો 'કેકારવ'માં છે. 'મેઘદૂત', 'ઋતુસંહાર', 'શૃંગારશતક' જેવી સંસ્કૃત કૃતિઓની અસર પણ 'કેકારવ'ની કવિતા પર ઝિલાયેલી છે. સમકાલીન ગુજરાતી કાવ્યપરંપરાની કેટલીક છાયાઓ પણ એમણે ઝીલી છે. આરંભની કવિતા પર દલપતરામની તેમ જ તત્કાલીન ધંધાદારી નાટકોનાં ગાયનો ને લાવણીઓની અસર છે ને પછી નરસિંહરાવ, ગોવર્ધનરામ, મણિલાલ, કાન્ત, આદિની કવિતાની અસરો વિષય, છંદ, પ્રકારાદિ પર પડતી રહી છે. આ બધું છતાં કલાપીની વેદના-સંવેદના પોતીકી છે ને એના નિરૂપણમાં એનો પોતાનો અવાજ રણકે છે જે એની કવિતાની નિજી મુદ્રા આંકી આપે છે.

'કેકારવ'ની કવિતા વિવિધ સ્વરૂપોમાં વહે છે: ઉત્કટ ઊર્મિ ને ભાવનાશીલતાને બોલાતી ભાષાની સાહજિકતાથી અભિવ્યક્ત કરતાં હોવાથી વૃત્તબદ્ધ કાવ્યો વિશિષ્ટ અસર જન્માવે છે. સ્વરૂપની દૃષ્ટિએ કેટલીક કચાશોવાળી જણાતી ગઝલો અંતર્ગત મિજાજની–એનાં મસ્તી ને દર્દદિલીની–દૃષ્ટિએ ધ્યાનાર્હ છે. શરૂઆતની વ્યક્તિપ્રેમની (ઇશ્કે મિજાજી) ગઝલો કરતાં પાછળની પ્રભુપ્રેમની (ઇશ્કે હકીકી) ગઝલો કાવ્યગુણે ચડિયાતી છે. 'આપની યાદી' એનું નોંધપાત્ર દૃષ્ટાન્ત છે. કલાપીનાં ખંડકાવ્યોમાં કાન્તના જેવી પરલક્ષિતા નથી ને ઊર્મિલતા તથા બોધત્મકતાએ કાવ્યબંધને શિથિલ કરી નાખ્યો છે. છતાં ભાવનાસહજ સરળ નિર્વહણથી, મનોરમ દૃશ્યચિત્રોથી, પાત્રચિત્તના મંથનના અસરકારક આલેખનથી ને ખાસ તો પ્રાસાદિક ભાષાશૈલીથી, એ પોતાનું આગવાપણું સિદ્ધ કરે છે. 'બિલ્વમંગળ' એમનું ઉત્તમ ખંડકાવ્ય મનાયું છે. મહાકાવ્ય તરીકે રચવા ધારેલું એમનું બે હજાર ઉપરાંત પંક્તિઓનું ને ૪ સર્ગે અધૂરું રહેલું 'હમીરજી ગોહેલ' ખંડકાવ્યની નજીક રહેતું ઇતિહાસવિષયક કથાકાવ્ય છે.

વિષયનિરૂપણની રીતે 'કેકારવ'માં પ્રેમવિષયક કવિતા સૌથી વધુ ધ્યાન-પાત્ર છે. એક રીતે, આ સંગ્રહની મોટાભાગની કવિતા એના ઊર્મિશીલ કવિની આત્મકથારૂપ છે. કલાપીના ૨૬ વર્ષના ટૂંકા આયુષ્યનાં છેલ્લાં આઠેક વર્ષનાં અંગત પ્રેમજીવનનો જ, બહુધા, એમાં ચિતાર છે. સ્વભાવોક્તિભર્યાં ઇન્દ્રિયસ્પર્શી ચિત્રો રૂપે આલેખાયેલી પ્રકૃતિની કવિતા પણ રુચિર છે ને કવિની સૌંદર્યદષ્ટિની પરિચાયક છે. કવિના આયુષ્યનાં છેલ્લાં બે વર્ષની કવિતા પ્રભુભક્તિની ને ચિંતનલક્ષી છે. અંગત જીવનના રાગાવેગો શમતાં ચિત્તમાં પડેલા વૈરાગ્યસંસ્કારો જાગ્રત થવાથી ને સ્વીડનબોર્ગ આદિના ગ્રંથોના વાચનથી કલાપી પરમ તત્ત્વની ખોજની દિશામાં વળેલા. એ સંવેદન પ્રૌઢ કાવ્યરૂપ પણ પામ્યું છે.

'કેકારવ'ની કવિતાની એક નોંધપાત્ર વિશેષતા એને મળેલી વ્યાપક લોકચાહના છે. કલાપીએ સાક્ષર કવિઓ દ્વારા લખાતી દુર્બોધ કવિતાના સમયગાળામાં એ વખતે પ્રચલિત સ્વરૂપોમાં ને બદ્ધવૃત્તોમાં કાવ્યરચના કરી હોવા છતાં એમાં થયેલા પ્રાસાદિક ભાષાના સહજ વિનિયોગે ને પારદર્શી સંવેદનના વેધક આલેખને તેમ જ એમાંના રાગાવેગી પ્રેમસંબંધોના નિરૂપણે તથા ઊર્મિ-ઉદ્દ્ગારોમાં ભળેલા એક રંગદર્શી કવિના ભાવનાશીલ ચિંતને આ કવિતાને હૃદયસ્પર્શી ને લોકપ્રિય બનાવી છે. એટલે ક્યાંક કાવ્યભાવનની મુખરતામાં તો ક્યારેક એના નિરૂપણના પ્રસ્તારમાં વરતાતી કલાસંયમની ઓછપ છતાં ને કવિના કંઈક સીમિત રહી જતા અનુભવની મર્યાદા છતાં 'કેકારવ'ની કવિતા એની આગવી વિશિષ્ટતાઓથી પોતાનું મહત્ત્વ ટકાવી રાખે છે.

'કાવ્યની શક્તિ' [૧૯૩૯] : રામનારાયણ વિ. પાઠકનાં વિવેચનાત્મક વ્યાખ્યાનો, લેખો તેમ જ ગ્રંથાવલોકનોનો સર્વપ્રથમ સંગ્રહ. ૧૯૨૨થી ૧૯૩૯ સુધીનાં લખાણોને સમાવતા આ ગ્રંથના પહેલા વિભાગના ૧૭માંથી ૮ લેખો સંગીત, ચિત્રકલા, નૃત્ય આદિ કલાઓને અને સામાજિક ઉત્સવને લગતા છે એ રામનારાયણની વિશાળ કલાદૃષ્ટિ અને જીવનનિષ્ઠા સૂચવે છે. આ વિભાગમાં મુકાયેલો 'કાવ્યની શક્તિ' એ લેખ રામનારાયણની કાવ્યવિભાવનાનો સુરેખ અને સર્વાંગી આલેખ રજૂ કરતો એમની સર્વ સાહિત્યવિચારણાની પીઠિકારૂપ બની રહેતો, સંગ્રહનો સર્વોત્તમ લેખ છે. કળાના એક પ્રકાર લેખે કાવ્યની વિશેષતા ભાવનું નિરૂપણ કરવામાં છે તે સ્ફુટ કરી અલંકાર, પદ્ય વગેરે તત્ત્વો કાવ્યભાવને પ્રત્યક્ષીકૃત કરવામાં કેવાં કામે લાગે છે અને આ પ્રત્યક્ષ સમી કાવ્યપ્રતીતિ વ્યવહારપ્રતીતિથી કઈ રીતે જુદી પડી નિરતિશય

આનંદ આપનારી બને છે તે રામનારાયણે અહીં સંસ્કૃત કાવ્યશાસ્ત્રનો વિશેષપણે આધાર લઈ સૂક્ષ્મ તત્ત્વપરામર્શ ને રસજ્ઞતાપૂર્વક સમજાવ્યું છે. રામનારાયણ કાવ્યનો સત્ય, નીતિ વગેરે સાથેનો સંબંધ ચર્ચવા સુધી જાય છે અને કાવ્યની સ્વાયત્તતા સ્વીકારવા સાથે જીવનલક્ષી દૃષ્ટિબિંદુ આપે છે તે સાહિત્યવિચારક તરીકેની એમની એક આગવી લાક્ષણિકતા પ્રગટ કરે છે. કાવ્યકલા વિશેની આવી મર્મસ્પર્શી ને સર્વગ્રાહી છતાં વિશદ વિચારણા ગુજરાતી વિવેચનમાં વિરલ છે.

સંગ્રહમાં વર્ણરચના તથા અલંકારરચના વિષયને સદૃષ્ટાંત અને વીગતે નિરૂપતા લેખો છે તે રામનારાયણનો રચનાપરક અભિગમ સૂચવે છે. તો પ્રેમાનંદની ત્રણ કૃતિઓના હાસ્યરસની સમીક્ષાના લેખોમાં સંસ્કૃત રસમીમાંસાને સુંદર વ્યવહારુ વિનિયોગ સાંપડ્યો છે. 'કવિશ્રી ન્હાનાલાલનું સાહિત્યજીવન' અમુક અંશે કર્તા-અભ્યાસ હોવા ઉપરાંત ન્હાનાલાલની ભાવનાઓને સ્ફુટ કરતો હોઈ વિષયલક્ષી અભ્યાસ પણ બને છે. 'મહાભારતનું નલોપાખ્યાન અને પ્રેમાનંદનું નળાખ્યાન' એક બારીકાઈભરેલા તુલનાત્મક અભ્યાસ લેખે ધ્યાનાર્હ બને છે. આમ આટલા લેખો પણ રામનારાયણ કવિતાસાહિત્ય સાથે કેવા ભિન્નભિન્ન સ્તરે કામ પાડે છે તેના પરિચાયક બને છે.

ગ્રંથના બીજા વિભાગમાં 'યુગધર્મ'-'પ્રસ્થાન' નિમિત્તે થયેલાં ગ્રંથાવલોકનો સંઘરાયાં છે તે સર્જાતા સાહિત્ય સાથેનો રામનારાયણનો સહૃદયતાપૂર્ણ અને સમજદારીભર્યો સંબંધ પ્રગટ કરે છે. સંક્ષિપ્ત છતાં મર્મગ્રાહી આ અવલોકનોમાંનાં ઘણાં નિરીક્ષણો આજેય ટકી શકે તેવાં ને ધ્યાન ખેંચનારાં છે તે રામનારાયણની ઊંડી સાહિત્યરસજ્ઞતા ને વેધક વિવેચનદૃષ્ટિ સૂચવે છે. ૩૬ ગ્રંથાવલોકનોમાંથી ૩૦ તો કાવ્યગ્રંથોનાં છે, જેમાં 'ભણકાર–ધારા બીજી', 'વિશ્વશાંતિ', 'કાવ્યમંગલા', 'ગંગોત્રી' આદિ કેટલાક મહત્ત્વના કાવ્યગ્રંથોનો સમાવેશ થયેલો છે.

રામનારાયણની ઇતિહાસદૃષ્ટિ, જીવનનિષ્ઠતા, કલાવિવેક, તત્ત્વવિચારકતા, વિશ્લેષણપટુતા અને સહૃદયતા જેવા માતબર ગુણોને પ્રગટ કરતો 'કાવ્યની શક્તિ' ગુજરાતી સાહિત્યમાં એક મહત્ત્વનો વિવેચનસંચય ઠરે છે.

'દ્વિરેફની વાતો ભા. ૧' [૧૯૨૮]: રામનારાયણ વિ. પાઠક 'દ્વિરેફ'નો સર્વપ્રથમ વાર્તાસંગ્રહ. સંગ્રહની ૧૯૨૨ કે ૧૯૨૩ થી ૧૯૨૮ સુધીની ૧૩ રચનાઓમાંથી સૂચિત વાર્તા 'એક પ્રશ્ન' સિવાયની સર્વ મૌલિક છે અને બહુધા 'યુગધર્મ' તેમ જ 'પ્રસ્થાન' એ સામયિકો માટે લખાયેલી છે. ૧૩માંથી ૮ રચનાઓમાં વાર્તાકથકની ઉપસ્થિતિ 'વાતો' એ શીર્ષકને સાર્થક કરે છે

તે ઉપરાંત આ રચનાઓમાં વિષયપસંદગી, આકારપ્રકાર, કથનશૈલી વગેરે પરત્વે પણ એ શબ્દને સાર્થક કરે એવી મોકળાશ છે. અહીં માનસશાસ્ત્રીય, અદાલતી, પરિસ્થિતિની વક્રતાના કિસ્સાઓ છે (અનુક્રમે 'એક પ્રશ્ન', 'સાચી વારતા', 'રજનું ગજ'); કરુણગર્ભ વિનોદભર્યું સંસ્કૃત ભાણશૈલીનું આત્મ-કથન છે ('સરકારી નોકરીની સફળતાનો ભેદ'); ગદ્યકાવ્ય સમી વ્યંજનાત્મક રચના છે ('જમનાનું પૂર'); બાળવર્તનનું આલેખન છે ('શો કળજગ છે ના !'); મનોવૈજ્ઞાનિક અભ્યાસો છે ('નવો જન્મ' 'કપિલરાય'); રહસ્યકથા છે ('પહેલું ઇનામ'); વિનોદકથા છે ('જક્ષણી') અને પ્રશિષ્ટ વાર્તારચનાઓ પણ છે ('મુકુન્દરાય' અને 'ખેમી'). બે પેઢી વચ્ચેનો વિસંવાદ અને નવી પેઢીનું આત્મકેન્દ્રી, છીછરું સ્વરૂપ વર્ણવતી 'મુકુન્દરાય' તથા પછાત ગણાતા વર્ગની સ્ત્રીની ઉદાત્ત જીવનભાવના નિરૂપતી 'ખેમી' ગુજરાતી વાર્તા-સાહિત્યમાં સૌથી વધુ જાણીતી થયેલી રચનાઓ છે. સંવાદશૈલીનો બહોળો ઉપયોગ, ઘરગથ્થુ વાતાવરણ અને અનૌપચારિક કથનશૈલી 'દ્વિરેફ'ના આ જાતભાતના પ્રયોગોને આગવું સ્વરૂપ બક્ષે છે તેમ જ જીવનના ઊંડા પ્રવાહોનું આકલન, વાસ્તવની પકડ, વીગતભર્યું ને સભાન વાર્તાઘડતર તથા હાસ્ય અને કરુણનું વિરલ સંયોજન એને ગંભીર અર્થવત્તા અર્પે છે. આ કારણે ટૂંકી વાર્તાની સંકુચિત વ્યાખ્યામાં ન આવે એવી ઘણી કૃતિઓ છતાં 'દ્વિરેફની વાતો ભા. ૧' ધૂમકેતુના 'તણખામંડળ ૧' (૧૯૨૬)ની સાથે જ પણ ધૂમકેતુથી જુદી શૈલીએ, ગુજરાતી ટૂંકી વાર્તાના સ્વરૂપને દૃઢ ભૂમિકા પૂરી પાડનાર સીમાચિહ્નરૂપ ગ્રંથ ગણાય છે.

'પાદરનાં તીરથ' [૧૯૪૬] : ૧૯૪૩માં આરંભાયેલી પણ અધૂરી પડી રહી ૧૯૪૬માં પૂરી થયેલી અને ૧૯૪૨ના રાષ્ટ્રીય આંદોલનના પરિવેશમાં કલ્પેલી એક ઘટનાને વર્ણવતી જયંતિ દલાલની આ નવલકથા વિશિષ્ટ પરિસ્થિતિમાં વ્યક્ત થતી માનવમનની વિલક્ષણતાને ઉપસાવવા તાકે છે.

અંગ્રેજ સરકાર સામે ચાલતા આંદોલન દરમ્યાન એક ગામનો માનવ-સમુદાય ઉત્તેજનાની પળોમાં, પાસેના નાનકડા રેલવે સ્ટેશનને સળગાવી મૂકે છે. એ પછી તપાસ માટે આવેલી પોલીસના એ ગામલોકો પર એકાએક થતા અત્યાચારોમાં પ્રગટતી હિંસા ને વાસનાની પાશવી વૃત્તિ મોટો આતંક ફેલાવે છે. ફોજદારે મનસ્વી રીતે પકડેલા કેદીઓ માટે ભોજનાદિની વ્યવસ્થા કરતા અનુકંપાશીલ ને ઊંડી સમજ ધરાવતા ડૉક્ટર નગીનદાસ પાસે ફોજદાર આ ત્રસ્ત કેદીઓને મોટી રકમની લાંચના બદલામાં છોડવાનો પ્રસ્તાવ મૂકે છે. એક તરફ દેશનિષ્ઠા ને સદ્-નિષ્ઠા તથા બીજી તરફ દમિત માનવો પ્રત્યેની

કરુણા ડૉક્ટરના મનમાં દ્વિધા જગવે છે ને ભલાઈના તંતુને વળગી રહી એ આંતર-બાહ્ય અનેક વિપત્તિઓને વેઠતા રહે છે. લગભગ પ્રત્યેક કેદી ને એનાં ગરીબ સ્વજનો, સ્વરાજભાવનાનેય ભૂલી જઈ આ ભયાનક વેદનાની ભીંસમાંથી છૂટવા માટેના પૈસા ભેગા કરવા વલખાં મારે છે ત્યારે એક ક્રાંતિવાદી યુવક કેદી જગુ સ્વમાનભેર વેઠવાનું પસંદ કરે છે. એની એવી જ અડગ ને ગૌરવવંત માતા પશીડોશી પણ પુત્રવત્સલતાથી સહેજ દ્વિધામાં મુકાય છે પરંતુ વિચલિત થતાં નથી. એક સ્વાર્થી વકીલ ને લોભી વેપારી આ પરિસ્થિતિનો, વચલા માણસો તરીકે ગેરલાભ લે છે. ન છૂટતા કેદીઓને સાથે લઈ જતા ગણતરીબાજ ફોજદાર છેલ્લી ઘડીએ સ્વેચ્છાએ કોઈ સમજદારીથી પ્રેરાઈ જગુને છોડી દે છે એવા લાક્ષણિક અંત સાથે નવલકથા પૂરી થાય છે.

એક જ ભાવપરિસ્થિતિને આલેખતી હોવાથી સુબદ્ધ બનેલી આ લઘુનવલમાં ભાવનાને વિડંબિત કરી મૂકતા સ્વાર્થના મૂળમાં પડેલી એક અવશતાની કરુણતાનું તેમ જ વિભિન્ન મનોદશા પ્રગટાવતાં પાત્રોનું જે આલેખન થયું છે એ, જીવનની ઊંડી સૂઝ ધરાવતા લેખકના કૌશલનો પરિચય આપે છે. રંગદર્શી ન બનતાં સ્વસ્થ ને વાસ્તવનિષ્ઠ રહેતી છતાં ઉત્તેજિત કરી શકતી દલાલની પ્રભાવક ગદ્યશૈલીથી તેમ જ માનવમનની અનેકસ્તરીય ગતિવિધિનો આલેખ ઉપસાવી આપતી એમની વિશિષ્ટ કથન-રીતિથી આ નવલકથા એક નોંધપાત્ર સાહિત્યકૃતિ બની છે.

'બટુભાઈનાં નાટકો' [૧૯૫૧] : 'મત્સ્યગંધા અને ગાંગેય તથા બીજાં ચાર નાટકો' (૧૯૨૫) તથા 'માલાદેવી અને બીજાં નાટકો'(૧૯૨૭)-માંથી પસંદ કરેલાં છ નાટકોમાં અગ્રંથસ્થ 'શૈવાલિની' ઉમેરીને અનંતરાય રાવળે સંપાદિત કરેલો બટુભાઈ ઉમરવાડિયાનાં નાટકોનો સંગ્રહ. ૧૯૨૨થી ૧૯૨૭ સુધીના બટુભાઈના નાટ્યલેખનનો આ પ્રતિનિધિસંગ્રહ ગુજરાતી એકાંકીના ક્ષેત્રે ભોંય ભાંગનારો હોવા ઉપરાંત કેટલીક આંતરિક ગુણવત્તાએ ચિરસ્થાયી મૂલ્ય ધરાવે છે.

સૌ પ્રથમ લખાયેલું નાટક 'લોમહર્ષિણી (૧૯૨૨) ત્રણ અંક અને અનેક પ્રવેશોના પથરાટને કારણે રચનાની દૃષ્ટિએ શિથિલ હોવા છતાં કોઈ ધન્ય પળે ક્ષણભર દેખા દઈ ગયેલા અપૂર્વ નારીસૌન્દર્યને ઢૂંઢતા ઋષિકુમારની નૂતન કલ્પનાથી ધ્યાનાકર્ષક બનેલું. પછી પણ બટુભાઈનાં નાટકો એક-અંકી હોવા છતાં, કદાચ ઇબ્સનાદિના પ્રભાવ નીચે, દૃશ્યબાહુલ્ય અને લાંબા

સમયગાળાનો આશ્રય લેતાં રહ્યાં તેથી એકાંકીમાં અપેક્ષિત એકાગ્રતા એમાં પૂરી ન આવી શકી, તેમ છતાં એક વિચાર અને એક પરિસ્થિતિના આલેખનને કારણે સ્વરૂપદૃષ્ટિએ આ રચનાઓ એકાંકીની નજીક હોવાની છાપ ઊભી કરી શક્યાં.

પૌરાણિક કે પ્રાચીન ('મત્સ્યગંધા અને ગાંગેય'), મધ્યકાલીન ('માલાદેવી', 'સતી') ને અર્વાચીન એમ બધા યુગની પાત્રપ્રસંગની ભૂમિકા ઉપર નૂતન જીવનભાવનાઓને અભિવ્યક્ત કરવા તાકતાં બટુભાઈનાં આ લઘુ નાટકો એમની ફળદ્રૂપ કલ્પનાશીલતા અને તીક્ષ્ણ બુદ્ધિમત્તાની પ્રતીતિ આપણને કરાવ્યા વિના રહેતાં નથી. પૌરાણિક પ્રસંગ સાથે બટુભાઈ પોતાના અભિપ્રેતાર્થ માટે અહીંતહીં 'છૂટ' લે છે. તે ઉપરાંત એમના લેખનમાં પરંપરાગત માનસને આંચકો આપે તેવા વિચારધક્કાઓ હોય છે, જેમકે 'માલાદેવી'માં ગુંથાયેલો લોકસત્તાના યુગમાં બંધ ન બેસે તેવો બૌદ્ધિકોના અધિપત્યનો વિચાર, 'સતી'માં રજૂ થયેલો સતીત્વના જૂના ખ્યાલની સામે નારીસ્વમાનનો પ્રતાપી આદર્શ, 'શૈવાલિની'માં વ્યક્ત થયેલી સ્ત્રીના પતિદ્રોહને ક્ષમ્ય ગણતી આધુનિક માનસશાસ્ત્રીય દૃષ્ટિ વગેરે. બટુભાઈ બહુધા શૉ વગેરે આધુનિક યુરોપીય સાહિત્યકારોની પ્રણાલિકાભંજન વિચારધારાથી પ્રેરિત હોવા છતાં કેટલીક પ્રાચીન જીવનભાવનાઓનું આકર્ષણ પણ અનુભવતા જણાય છે ('અશક્ય આદર્શો') એ એમનું વિચારક તરીકેનું ખુલ્લાપણું દર્શાવે છે.

મુખ્યત્વે બુદ્ધિનિષ્ઠ, નિર્વેદપરાયણ, અંતર્મુખ પુરુષપાત્રો અને મુખ્યત્વે બહિર્મુખ, લાગણીવિવશ, ફનાખોર સ્ત્રીપાત્રો એ બટુભાઈની લાક્ષણિકતા છે. એમનાં નાટકો રંગભૂમિક્ષમતાનો ઘણો અલ્પ ગુણ ધરાવે છે ને વાર્તાવિધાનમાં અપ્રતીતિકર અંશો રહી ગયા છે, તેમ ક્વચિત્ એમનો જીવનવિચાર પણ ધૂંધળો રહી ગયેલો અનુભવાય છે. તેમ છતાં એકંદરે નાટ્યાત્મક ઉદ્ભાવન, માનસશાસ્ત્રીય અભિગમને કારણે સૂક્ષ્મતા અને લેખકની જીવનદૃષ્ટિનાં સફળ વાહક બનતાં જીવંત પ્રતાપી પાત્રોનું સર્જન, અર્થગંભીર તેમ સ્ફૂર્તીલા ને ચોટદાર સંવાદોનું નિયોજન, અને આ બધાં વડે મૂર્ત થતો એક સત્ત્વશીલ જીવનવિચાર બટુભાઈનાં નાટકોનું એક એવું રૂપ ઘડે છે, જે લેખકની વૈયક્તિક મુદ્રાવાળું ને સાહિત્યના ઇતિહાસમાં અવશ્ય નોંધપાત્ર ઠરે એવું છે.

□

પ્રકાશક : કુમારપાળ દેસાઈ, મંત્રી : ગુજરાતી સાહિત્ય પરિષદ,
ગોવર્ધન ભવન, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૯
મુદ્રક : આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

कैला
ज्ञ
कोबा,